Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૪૮
તા.૧૪-૧૦-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૭ સૂર્યાસ્ત : ૦૬:૧૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૫ | વડોદરા | ૩૬.૫ |
| અમદાવાદ | ૩૭.૮ | સુરત | ૩૪.૪ |
| ગાંધીનગર | ૩૮.૦ | નલિયા | ૪૦.૪ |

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કોંગ્રેસ વિકાસની નહીં પરંતુ વિનાશની પાર્ટી : યોગી

## અમેઠીમાં વિકાસ ન કરનાર રાહુલ ગુજરાતમાં વિકાસની વાતો કરે છે : અમેઠીમાં અમે વિકાસની શરૂઆત કરી ચુક્યા છીએ : ચૂંટણી વેળા જ કોંગ્રેસને ગુજરાત યાદ આવે છે : પુર વખતે તો રાહુલ ઈટાલી જતા રહ્યા હતા : યોગી

વલસાડ

ભાજપના સ્ટાર પ્રચારક અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે આજે ગુજરાતમાં તેમના ઝંઝાવતી ચૂંટણી પ્રચારની શરૂઆત કરી દીધી છે. પ્રવાસના પ્રથમ દિવસે જ યોગીએ રાહુલ પર તેજાબી પ્રહારો કર્યા હતા. ગુજરાતના વલસાડ, નવસારી અને અન્ય જગ્યાઓએ ઉપર યોગીએ કોંગ્રેસ અને રાહુલ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમની ગૌરવ યાત્રાની શરૂઆત દક્ષિણ ગુજરાતના વલસાડથી થઇ હતી. ભાજપના સ્ટાર પ્રચારકે



એમ પણ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીના ગુજરાત રાજ્ય દેશ માટે દાખલા સમાન છે. દરેક ક્ષેત્રો અગ્રેસર છે. તમામ રાજ્યો ગુજરાત મોડલને અનુસરી રહ્યા છે. ઉદ્યોગ ધંધાની સાથે સાથે રોજગારી આપવામાં પણ અગ્રેસર છે. ગુજરાતની દરેક ક્ષેત્રમાં પ્રગતિ થઇ રહી છે તે અન્ય જોઇ શકતા નથી. કોંગ્રેસે દેશ અને સરદાર પટેલ સાથે અન્યાય કર્યો હતો જે લોકો હજુ ભુલ્યા નથી. ગુજરાતમાં નર્મદાના નીરથી સોનું પાકી રહ્યું છે જે ખોટા પ્રચારકોથી જોડાતું નથી. યોગીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી વિકાસની નહીં પરંતુ વિનાશની પાર્ટી તરીકે બની રહી છે. તેના નેતાઓ વિનાશના દૂત દેખાઈ રહ્યા છે. ગુજરાતમાં જ્યારે પુરની સ્થિતિ હતી ત્યારે ભાજપ સરકારના તમામ લોકો અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચી રહ્યા હતા જ્યારે રાહુલ ગાંધી અમેઠી જતા રહ્યા હતા. રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ પણ આવ્યા હતા પરંતુ રાહુલ દેખાયા ન હતા. માં યોગીએ કહ્યુ હતુ કે રાહુલ ગાંધી પોતાના સંસદીય ક્ષેત્ર અમેઠીમાં વિકાસ કરી શક્યા નથી અને ગુજરાતમાં વિકાસની વાત કરી રહ્યા છે. યોગીએ કહ્યુ હતુ કે જ્યારે અમે અમેઠીના લોકો માટે પગલા લેવાની શરૂઆત કરી રહ્યા છીએ ત્યારે કોંગ્રેસ પરેશાન છે. કોંગ્રેસના લાંબા શાસનમાં ક્યારેય વિકાસની વાતો થતી નથી. કોંગ્રેસ પોતાના માટે પોતાના લોકોના વિકાસમાં હતી.

### વિવિધ દેશોમાં તૈયાર ડાયમંડ બુર્સની સરખામણીએ મોટો પાર્ક સુરતમાં

# વિશ્વનું સૌથી મોટું ડાયમંડ બૂર્સ બિલ્ડીંગ બનશે, રૂ.૨,૫૦૦ કરોડના જંગી ખર્ચે તૈયાર થશે

સુરત

સ્માર્ટ સિટી અંતર્ગત શહેરમાં તૈયાર થનારા ડાયમંડ બુર્સનું બાંધકામ આગામી આગામી લાભપાંચમના દિવસથી શરૂ કરાશે. ડાયમંડ સિટી તરીકે પ્રખ્યાત સુરત શહેરના ખજોદ ખાતે વિશ્વના સૌથી મોટા ૬૬ લાખ સ્ક્વેર ફૂટના ડાયમંડ બુર્સનું બાંધકામ સરસાણા ખાતે અંદાજિત રૂ.૨૪૦૦ કરોડના ખર્ચે કરાશે.

સુરત ડાયમંડ બુર્સના ચેરમેન વલ્લભ પટેલના જણાવ્યા અનુસાર, આગામી ૨૫ ઓક્ટોબરને લાભ પાંચમના દિવસે ડાયમંડ બુર્સના બાંધકામનો શુભારંભ કરાશે. સમગ્ર ડાયમંડ બુર્સના બાંધકામનો કોન્ટ્રાક્ટ પીએસપી પ્રોજેક્ટ લિમિટેડ નામની પબ્લિક લિમિટેડ કંપનીને આપવામાં આવ્યો છે. અત્યાર સુધી વિવિધ દેશોમાં તૈયાર ડાયમંડ બુર્સની સરખામણીએ તેનાથી મોટો પાર્ક સુરતમાં તૈયાર થશે. પ્રત્યેક ઓફિસ ટાવર એક બીજાથી કનેક્ટ હશે અને તેમાં ડાયમંડ બિઝનેસમેન માટે બેકિંગ, કસ્ટમ, હાઇ સિક્યુરિટી, કાર્ગો, કસ્ટમ ક્લિયરન્સ સર્વિસ સહિતની તમામ સેવાઓ ઉપલબ્ધ કરાવાશે. ડાયમંડ બુર્સમાં જે કોઇ ઉદ્યોગકારોને ઓફિસ જગ્યા વેચાણથી આપવામાં આવી છે તે તમામ પાસેથી કોઇ પણ પ્રકારનો નફો લીધા વગર કોસ્ટ ટુ કોસ્ટ જગ્યા ફાળવાશે.

### ઘણા વર્ષોથી મેડીકલ કોલેજની રાહ જોતા બનાસવાસીઓનું સપનું હવે સાકાર થશે

# બનાસના વિકાસમાં રોડા નાંખનારને સાંખી લેવાશે નહીં : શંકરભાઇ ચૌધરી

### પાલનપુર નજીક મોરીયા-પારપડા ખાતે મંત્રી શંકરભાઇ ચૌધરીની ઉપસ્થિતિમાં મેડીકલ કોલેજનું ખાતમુર્હૂત થયું : બનાસકાંઠા જીલ્લામાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો છે - કેન્દ્રીય મંત્રી હરીભાઇ ચૌધરી





પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નજીક આવેલ મોરીયા-પારપડા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઇ ચૌધરીના હસ્તે મેડીકલ કોલેજનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, ઘણા વર્ષોથી મેડીકલ કોલેજ મેળવવાની રાહ જોતા લાખો બનાસવાસીઓનું સપનું હવે સાકાર થયું છે. તેમણે કહ્યું કે મેડીકલ કોલેજ સાથે અતિ આધુનિક સુવિધાઓ ધરાવતી અધતન હોસ્પિટલ પણ બનશે જેનો લાભ સમગ્ર ઉ.ગુજરાત ઉપરાંત પાડોશી રાજય રાજસ્થાનને પણ મળશે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લામાં મેડીકલ કોલેજ બનવાથી જીલ્લાભરમાં હર્ષ અને આનંદનો માહોલ છવાયો છે. બનાસકાંઠા જીલ્લાના વિકાસ અને સુખ-સમૃધ્ધિ ક્ષેત્રે એક નવા પરોઢનો ઉદય થયો છે એમ જણાવતાં મંત્રીએ કહ્યું કે આ મેડીકલ કોલેજ અને તે સાથેના રિસર્ચ સેન્ટરથી બનાસકાંઠા જીલ્લાનો ઝડપી સર્વાંગી વિકાસ થશે તે સાથે બનાસકાંઠા જીલ્લાનું નામ તબીબી ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ ચમકશે.

મંત્રી શંકરભાઇ ચૌધરીએ કહ્યું કે ૨૨ એકર જમીનના વિશાળ સંકુલમાં મેડીકલ કોલેજ સાથે ૭૦૦ બેડની અતિ આધુનીક સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ પણ બનશે જેનો લાભ બનાસકાંઠા જીલ્લા ઉપરાંત સમગ્ર ઉ.ગુજરાત અને પાડોશી રાજય રાજસ્થાનને પણ મળશે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લાના લાખો પશુપાલકોને આ અધતન હોસ્પિટલનો લાભ આપવા ખાસ આયોજન કરવામાં આવશે. તેમણે બનાસ ડેરીના આધ સ્થાપક સ્વ. શ્રી ગલબાભાઇ નાનજીભાઇ પટેલને યાદ કરી શ્રધ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું કે બનાસકાંઠા જીલ્લાના વિશેષ કરીને ગરીબ લોકો અને મહિલાઓને સ્વનિર્ભર બનાવી સ્વમાનભેર સુખ-શાંતિથી જીવાડવાનું સ્વર્ગસ્થ શ્રી ગલબાભાઇનું સપનું આપણા સહીયારા પ્રયાસોથી સાકાર થયું છે. તેમણે કહ્યું કે જીલ્લાના લાખો પશુપાલકોને બિમારીના સમયે આ હોસ્પિટલ દ્વારા અધતન તબીબી સુવિધાઓનો લાભ મળે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે.

મંત્રી શંકરભાઇ ચૌધરીએ કહ્યું કે સૌ સાથે મળી જીલ્લાની વણથંભી વિકાસયાત્રાને આગળ વધારીએ. તેમણે જણાવ્યું કે જીલ્લામાં અને રાજયભરમાં શિક્ષણની વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ છે તેનો લાભ લઇ બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવીને શિક્ષીત અને સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લીના લાખો પશુપાલકોએ મબલખ દૂધ ઉત્પાદન કરીને બનાસડેરીનું નામ વૈશ્વિક કક્ષાએ રોશન કર્યુ છે.

કેન્દ્રીય મંત્રી હરીભાઇ ચૌધરીએ જણાવ્યું કે બનાસકાંઠા જીલ્લામાં શિક્ષણક્ષેત્રે આમુલ પરિવર્તન આવ્યું છે. જીલ્લામાં પુરતી સંખ્યામાં શાળાઓ અને કોલેજો છે તેમજ હવે મેડીકલ કોલેજ પણ મળતાં જીલ્લાને નવી સુવર્ણતક મળી છે. તેમણે કહ્યું કે પોતાની સાંસદ તરીકેની ગ્રાન્ટમાંથી ૮૦ ટકા રકમ જીલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વિકાસ માટે ફાળવી છે. તેમણે આરોગ્ય મંત્રી શંકરભાઇ ચૌધરીના પ્રયાસોને બિરદાવતાં કહ્યું કે મેડીકલ કોલેજ અને તે સાથે અધતન હોસ્પિટલથી બનાસકાંઠા જીલ્લાને સારી તબીબી સુવિધાનો લાભ મળશે.

અનુસંધાન પાના નં.૬

### બનાસકાંઠાની જીવાદોરી એવી બનાસડેરી ખાનગી સંસ્થા કહેવાય?

રાજ્યના પછાત જીલ્લા ઓમા જેની ગણતરી થાય છે, એવા આપણા બનાસકાંઠાને પણ આજદિન સુધી પછાતપણાનુ કલંક લાગેલુ હતુ. પરંતુ, અહિંની પ્રજા અને જન પ્રતિનિધિઓની મહેનતના કારણે હવે આપણે આ કલંક દુર કરવાના માર્ગ પર છીએ. બનાસકાંઠા જીલ્લામા મેડીકલ કોલેજની મંજુરી મળવી એ ખરેખર આપણા સૌ માટે આનંદની વાત કહેવાય. માટે જ આપણે સામાન્ય પ્રજાજનોને મેડીકલ કોલેજ જીલ્લાના આંગણે આવવાનો ભારે આનંદ પણ છે. પરંતુ, કેટલાક વિઘ્ન સંતોષી પરિબળો આ વાતનો પણ વિરોધ કરવા માટે નીકળી પડ્યા છે. કેમકે તેમના પેટમા એ દુખે છે કે રખેને આ મેડીકલ કોલેજનો જશ કોઈ એક વ્યકિત કે સરકાર લઈ જશે તો ? તેમને પણ ખબર છે કે, મેડીકલ કોલેજનો સીધો વિરોધ કરશુ તો પ્રજાનો પણ વિરોધ ભોગવવો પડશે. માટે આ લોકોએ આ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાનગી સંસ્થાને આપવાના નિર્ણયના બાના હેઠળ વિરોધ શરૂ કર્યો છે. આપણને સૌ ને ખબર છે કે આ લોકો તેમની મેલી વૃતિમા ક્યારેય સફળ થવાના નથી. પરંતુ, જીલ્લાના પશુપાલક, ખેડુત કે સામાન્ય નાગરિક તરીકે આવા લોકોને પુછવુ છે કે તમે આ જીલ્લામા મેડીકલ કોલેજ શરૂ થાય તે માટે શુ કર્યુ ? તમે તમારા હજુ સુધીના રાજકીય જીવન દરમિયાન એક પણ પત્ર કે રજુઆત આ માટે કરી હોય તો એ લઈને આવો પ્રજા વચ્ચે, કેમ કે તેઓને સપનામા પણ એવો વિચાર ન આવે કે બનાસકાંઠા જીલ્લામા અને એ પણ મેડીકલ કોલેજ ? માટે આજે પેટમા દુઃખે છે કે આવનારી પેઢી તેઓને પુછશે કે તમે જીલ્લા માટે શુ કર્યુ હતુ.

અનુસંધાન પાના નં.૬

### બાળાઓના હસ્તે ખાત મુહૂર્ત કરાયુ

બનાસડેરીના સંચાલક મંડળ દ્વારા સૌ પ્રથમવાર નવતર અભિગમ અપનાવાયો હતો. જેમાં ધો.૧૨ સાયન્સની બાળાઓના હસ્તે મેડીકલ કોલેજનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અભિગમને ઉપસ્થિત સૌ કોઈએ બિરદાવ્યો હતો.

### " બાદરપુરા ઓઇલ મિલને કાર્યાન્વીત કરવા મંત્રી શંકરભાઇ ચૌધરીના હસ્તો મુર્હૂત કરવામાં આવ્યું "

પાલનપુર તાલુકાના બાદરપુરા ખાતે આવેલ બનાસ ડેરી સંચાલીત ઓઈલ મિલને કાર્યાન્વીત કરવા બનાસડેરીના ચેરમેન અને આરોગ્ય તથા પરિવાર કલ્યાણ અને શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે શાસ્ત્રોકત રીતે પૂજા વિધિ કરી મુર્હૂત કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળામાં ભણતા બાળકોને સ્વચ્છ અને પૌષ્ટીક આહાર આપવા માટેના પ્લાન્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ૫૦૦ ટનનો તેલીબીયા પ્લાન્ટ નજીકના સમયમાં કાર્યાન્વીત થશે. આ તેલીબીયા પ્લાન્ટ મલ્ટીલેવલ પર કાર્યાન્વીત થશે તેમજ તેનાથી જીલ્લાના લોકોને રોજગારીની ઉજ્જવળ તકો મળશે. મંત્રીએ કહ્યું કે, તેલીબીયા પ્લાન્ટમાં ગુણવત્તાયુકત તેલનું ઉત્પાદન કરી વિવિધ પેકીગોમાં ઉપલબ્ધ બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે શાળાઓમાં ભણતા બાળકોને અગ્રેથી ગુણવત્તાયુકત અને પોષ્ટીક આહાર બનાવીને આપવામાં આવશે.

# ઉમેદવારોની પસંદગી દિવાળી બાદ કરવા કોંગ્રેસનો નિર્ણય

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ગુજરાત કોંગ્રેસના નેતાઓ પક્ષની સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે દિલ્હી પહોંચ્યા હતા પરંતુ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના મામલે કોઇ નક્કર ગતિવિધિ થઇ શકી નથી અને તેથી હવે ઉમેદવારોની પસંદગીનો મામલો દિવાળી પછી ઠેલાયો છે. દિવાળી બાદ હવે કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીની કવાયત હાથ ધરાશે. બીજી બાજુ, કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતે મહત્વપૂર્ણ નિવેદન કરતાં જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે પરંતુ કોંગ્રસ આર્થિક ફંડના સંકટ સામે ઝઝુમી રહી છે. કોંગ્રેસમાં આર્થિક ફંડનો અભાવ છે તેમાં કોઇ શંકા નથી પરંતુ તેમછતાં પક્ષ મક્કમતા સાથે આગળ વધવા કટિબધ્ધ છે. જયારે ભાજપ પૈસા અને સત્તાના જોરે ચૂંટણી જીતવા માંગે છે પરંતુ ગુજરાતની જનતામાં તેનો ચહેરો ખુલ્લો પડી ગયો છે અને તેથી ભાજપ આ વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં સફળ નહી થાય. કોંગ્રેસની સરકાર જ આવશે. ગુજરાત વિધાન સભાની ચૂંટણીને લઇ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે.



**સૂર્યોદય - ૬.૩૭ સૂર્યાસ્ત - ૬.૧૫**

## તિથિદર્શન
આસો વદ-૧૦ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ : દશમ શનિવાર નક્ષત્ર:પુષ્ય સવારે ૬.૫૪ પછી આશ્લેષા યોગ :સાધ્ય કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
**- સુરેશ પ્રા.ભટ્ટ**

### કરોતુ નામ નીતિજ્ઞો વ્યવસાય મિલ્ત નઃ ફલં પુનસ્ત દેવાસ્ય યુદ્ધિધેર્મનસિ સ્થિત્મ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - ‘નસીબનો મહિમા’નો આ શ્લોક છેઃ-

‘કાર્યની પદ્ધતિ- યોજના- આયોજનને પણ જાણનારો મનુષ્ય આમતેમ માથાં મારી મારીને ગમે તેટલા ધંધા કરે પરંતુ તેનું ફળ તો તે નસીબે જ પોતાના મનમાં જે ધાર્યું હશે તે જ મળવાનું છે.’

અત્યારે વિશ્વમાં મંદી ચાલે છે. અત્યંત આધુનિક સાધનસંપત્તિ અને બૌદ્ધિક માનવધન ધરાવતા વિકસિત દેશો ચીન- જાપાન- અમેરિકા- બ્રિટન જેવા દેશો પાસે સંપત્તિ અને સાધન છે. આયોજન અને કાર્યપદ્ધતિ છે. નિષ્ણાતનું બુદ્ધિધન છે. છતાંય જાપાનમાં સુનામી આવતાં જે અણુ રિએક્ટરનો ભય ઉત્પન્ન થયો ત્યારે ત્યાં કેવી લાચારી ઊભી થઈ?

અમેરિકા જેવા આધુનિક દેશમાં વાવાઝોડાં, વરસાદ અને ગરમીના કહેર આગળ એમનું આયોજન- વિચારણા- વિજ્ઞાન કેવાં લાચાર બની તણાઈ ગયાં! અને ગરમીમાં શેકાઈ ગયા?!

ચીનની માનવસંપત્તિ અને મહેનત પણ પુરમાં ખેંચાઈ ગઈ. નસીબ જો વાંકાં હોય તો માણસ ગમે તેટલા ધમપછાડા કરે છતાંય પછડાટ ખાવાનું લખ્યું હોય તો ખાવી જ પડે. આ છે નસીબની બલિહારી.

## આપની આજ
**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.) નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.)મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.**
**મિથુન : (ક.છ.ઘ.) ઇચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.**
**કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.**
**સિંહ : (મ.ટ.) રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.**
**કન્યા : (પ.ઠ.ણ.) આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.**
**તુલા : (ર.ત.) વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.**
**વૃશ્ચિક : (ન.ય.) મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.**
**ધન : (ભ.ફ.ધ.) મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.**
**મકર : (ખ.જ.) અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**
**કુંભ : (ગ.શ.સ.) સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.**
**મીન : (દ.ચ.જ.થ.)વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.**

## આજનો દિન મહાન
**- યશવંત કડીકર**

અમેરિકાના પ્રમુખ અને વિશ્વશાંતિના આદ્યપ્રણેતા કુશળ, વકતા અને આકર્ષક વ્યકિતત્વ ધરાવતા સંપૂર્ણ માનવતા વાદી રાજપુરૂષ ડવાઈટ આઈઝન હોવરની જન્મજયંતિ છે. એમનો જન્મ અમેરિકાના ટેકસાસ પરગણાના ડેનિશન ગામમાં ઈ.સ. ૧૮૯૦ ની ચૌદમી ઓકટોમ્બરે થયો હતો. ૧૯૫૨ માં તેમણે લશ્કરી કારકિર્દીનો વિધિસર ત્યાગ કર્યો અને એજ વર્ષે તેમણે રીપબ્લિકશન પક્ષ તરફથી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું જેમાં તેઓ ભારે બહુમતીથી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા. આ મહામાનવનું અવસાન તા.૨૮-૩-૧૯૬૯ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આજે સુષ્મા સ્વરાજ ગુજરાતના પ્રવાસે : મહિલાઓ સાથે સીધો સંવાદ કરશે

ગાંધીનગર

ગુજરાતમાં ભાજપનો ચૂંટણી પ્રચાર કાર્યક્રમ જોર-શોરથી ચાલી રહ્યો છે. ગુજરાત ગૌરવ યાત્રામાં રોજ મોટા નેતાઓ જોવા મળી રહ્યાં છે. સાથે જ જનતાના સવાલોના જવાબ આપવામાં પણ ભાજપ પાછળ નથી. ગત મહિને અમિત શાહે અમદાવાદમાં યુવા ટાઉન હોલ કાર્યક્રમાં ભાગ લીધો હતો અને ગુજરાતના યુવાઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. હવે યુવાઓ બાદ મહિલા મતદારો માટે ભાજપ દ્વારા અમાદાવાદ ખાતે મહિલા ટાઉનહોલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ મહિલાઓના પ્રશ્નોના જવાબ આપશે. ૧૪ ઓક્ટોબર ને શનિવારના રોજ અમદાવાદના યુનિવર્સિટી કોન્વેનશન સેન્ટર ખાતે બપોરે ૨ વાગે સુષ્મા સ્વરાજનો મહિલા ટાઉન હોલ કાર્યક્રમ યોજાશે, જેમાં તેઓ મહિલાઓ સાથે સીધો સંવાદ કરશે. સુષ્મા સ્વરાજના આ કાર્યક્રમ માટે ૨૪ કલાકની અંદર ૨૫ હજારથી પણ વધુ સવાલો પૂછવામાં આવ્યા છે. નોંધનીય છે કે, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વીટર પર ખૂબ સક્રિય છે અને ટ્વીટર પર માંગવામાં આવેલ મદદનો તરત પ્રતિસાદ પણ આપે છે.

દેશ-વિદેશમાં રહેતી અનેક મહિલાઓ ટ્વીટ કરી સુષ્મા સ્વરાજની મદદ માંગે છે અને તેમને બને એટલી જલ્દી મદદ મળી પણ રહે છે. આથી મહિલાઓ સાથે સુષ્મા સ્વરાજનો આ સંવાદ અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ વધુ મહત્વપૂર્ણ બને છે. મહિલાઓ પોતાના સવાલો સુષ્મા સ્વરાજને મોકલી શકે એ માટે ચાર વિકલ્પો આપવામાં આવ્યા હતા. મોબાઈલ પરથી સવાલ પૂછવા માટે એક નંબર જાહેર કરવામાં આવ્યો હતો, જેના પર મિસ કોલ કે વોટ્સઅપ કરી સવાલ પૂછી શકાય છે. તો ફેસબૂક અને ટ્વીટર પર અડીખમ ગુજરાત પેજ પર પણ સવાલ કરી શકાય છે. વળી, અડીખમ ગુજરાતની વેબસાઈટ પર જઈને પણ મહિલાઓ સવાલ કરી શકે છે.

# ગુજરાત વિધાનસભા ચૂંટણી જાહેર ન થવા પાછળ બનાસકાંઠા પૂર જવાબદાર !?

જીએનએસ ગાંધીનગર

ચૂંટણીપંચે ગઈકાલે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી એની સાથે ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો કેમ જાહેર ન કરી એવો સવાલ કોંગ્રેસ પૂછ્યો છે. વડાપ્રધાન ૧૬ ઓક્ટોબરે ગુજરાત જવાના હોવાથી તેમના કહેવાથી એ ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી નહીં હોવાનો આરોપ કોંગ્રેસ મૂક્યો છે, પરંતુ ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર નહીં કરવા સાથે વડા પ્રધાનના ગુજરાતપ્રવાસને કોઈ સંબંધ નથી.

વડાપ્રધાન ૧૬ ઓક્ટોબરે ગુજરાત પહોંચીને અનેક નવી યોજનાઓના શિલાન્યાસ કરે એવી શક્યતા છે. ચૂંટણીની આચારસંહિતા લાગુ થતાં શિલાન્યાસના એ કાર્યક્રમો રોકવા ન પડે એ માટે ગુજરાતની તારીખો જાહેર કરવામાં આવતી નહીં હોવાનો આરોપ કોંગ્રેસ મૂક્યો છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ એવો આરોપ મૂક્યો છે કે ‘વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ ઓક્ટોબરે ગુજરાત જવાના હોવાથી તેમના કહેવાથી ચૂંટણીપંચે ગુજરાતની ચૂંટણીની તારીખો જાહેર કરી નથી. વડા પ્રધાન ૧૬ ઓક્ટોબરે ગુજરાત જઈ રહ્યા છે. જો ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવે તો આચારસંહિતા લાગુ થાય અને એ પ્રવાસ પહેલાં આચારસંહિતાનો અમલ શરૂ થાય એવું શાસક પક્ષ ઈચ્છતો નથી. આ બાબતે ચૂંટણીપંચે દેશને જવાબ આપવાની જરૂર છે.’ એ આરોપને નિરાધાર ગણાવતાં મુખ્ય ચૂંટણી કમિશનર અચલકુમાર જ્યોતિએ જણાવ્યું હતું કે ‘વિધાનસભાઓની ચૂંટણીઓની તારીખોની જાહેરાત અને વડા પ્રધાનના ગુજરાતપ્રવાસને કોઈ સંબંધ નથી. કોર્ટે પણ કહ્યું છે કે કોઈ પણ ઠેકાણે લાંબા વખત સુધી આચારસંહિતા લાગુ રાખવી ન જોઈએ. ગુજરાતની રાજ્ય સરકારે ત્યાંના પૂરપીડિતોને સહાય પહોંચાડવા માટે સમય માગ્યો હોવાને કારણે પણ ચૂંટણીની તારીખો જાહેર ન કરી શકાય.’ હિમાચલ પ્રદેશ વિધાનસભાની મુદત તો છેક ફેબ્રુઆરી- ૨૦૧૮માં અને ગુજરાત વિધાનસભાની ટર્મ જાન્યુઆરી- ૨૦૧૮માં પૂર્ણ થાય છે તો પછી આ બંને રાજ્યમાં સાથે ચૂંટણી કેમ જાહેર કરવામાં આવી નહીં ? તેવા સવાલના જવાબમાં મુખ્ય ચૂંટણી પંચે કહ્યું કે, હિમાચલ પ્રદેશમાં ડિસેમ્બર- જાન્યુઆરીમાં બરફવર્ષા થાય છે આથી મતદાન ૯મી નવેમ્બરે નિયત કરાયું છે. જ્યારે ગુજરાત સરકારે બનાસકાંઠામાં પૂરપ્રકોપ પછી પુનઃસ્થાપન માટે સમય માગ્યો હોવાથી આ બંને રાજ્યોમાં સાથે ચૂંટણીની જાહેરાત થઈ શકી નથી.

ભારતના મુખ્ય ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાતમાં જ ગુજરાતમાં મતદાન માટે ડિસેમ્બરનાં પહેલા કે બીજા સપ્તાહનો સમયગાળો નક્કી થાય તેવા સંકેતો મળ્યા છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીની જાહેરાત અને કાર્યક્રમ એક સાથે જાહેર થયો હતો. આથી આ વખતે પણ તેના રિપિટેશની શક્યતાઓ વચ્ચે ભારતના મુખ્ય ચૂંટણી પંચે સૌથી પહેલા હિમાચલ પ્રદેશની ચૂંટણીઓ જાહેર કરી છે.

અચલકુમાર જ્યોતિના આ નિવેદન બાદ એટલું તો સ્પષ્ટ થઈ ગયું છે કે, ૧૮મી ડિસેમ્બર પહેલાં ગુજરાતમાં મોડામા મોડા બીજા તબક્કાની ચૂંટણી માટે ૧૫મી ડિસેમ્બર સુધીમાં અને પહેલા તબક્કાની ચૂંટણી માટે મોડામા મોડા ૧૧મી ડિસેમ્બર સુધીમાં મતદાન યોજાય તેવી શક્યતાઓ છે. સામાન્ય ચૂંટણીમાં મતગણતરી અને છેલ્લાં મતદાન વચ્ચે ત્રણ દિવસનો સમયગાળો રહેતો હોય છે. સોમવારે ગુજરાતની સમીક્ષા કરવા આવેલી ભારતના મુખ્ય ચૂંટણી પંચની ટીમમાં ડો. જ્યોતિએ ગુજરાતમાં બે તબક્કે મતદાન થશે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. આમ ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંગે ભારતના મુખ્ય ચૂંટણી પંચે ભલે કોઈ સત્તાવાર જાહેરાત ન કરી હોય પરંતુ રાજ્યમાં ડિસેમ્બરનાં પહેલા કે બીજા સપ્તાહમાં મતદાન અને ત્રીજા સપ્તાહે મતગણતરી થશે તે નક્કી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યુ છે.

# થરાદમાં પાણી મુદ્દે મહીલાઓએ પાલિકામાં માટલાં ફોડયાં : નાયબ કલેક્ટરને રજુઆત

**નગરપાલિકાના કર્મીઓની હડતાળને પગલે વ્યવસ્થા ખોરવાઇ,પ્રજાએ ટેન્કરો મંગાવ્યાં**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરમાં નગરપાલિકાના કર્મીઓની હડતાળને પગલે નર્કાગારમાં ફેરવાયેલા માર્ગો ઉપરાંત પીવાના પાણીની પણ સમસ્યા સર્જાવા પામી હતી. આથી મહીલાઓએ નાયબકલેક્ટરને રજુઆત કરી પાલિકામાં આવીને માટલાં ફોડી બળાપો વ્યક્ત કર્યો હતો.

થરાદ પાલિકાના કર્મચારીઓ તેમના પ્રશ્નોના મુદ્દે હડતાળ પર ઉતરી જતાં નગરના માર્ગો ગંદકીમાં ફેરવાઇ જવા પામ્યા છે. બીજી બાજુ નગરમાં પીવાના પાણીની પણ ભારે મોંકાણ સર્જાતાં નગરજનોને ટેન્કરોથી વેચાતું પાણી ભરાવાની નોબત આવી હતી. આથી અકળાયેલી કેટલીક નગરની મહિલાઓએ આ અંગે નાયબકલેક્ટરને રજુઆત કરી હતી. જેમાં પાલિકાના વિરોધપક્ષના સદસ્યો પણ જોડાયા હતા. બધાએ આ અંગે નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ત્યાર બાદ પાલિકામાં આવીને માટલાં ફોડીને તેમનો તેમનો બળાપો વ્યક્ત કર્યો હતો. પાલિકાના પ્રમુખ સુમિત્રાબેન દવે અને ચીફઓફીસર કલ્પેશ ભટ્ટે સાંજે નગરમાં પાણીપુરવઠો અને સાફસફાઈની રાબેતામુજબની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

# રાહુલ ગાંધીનું શોર્ટસ વાળું નિવેદન ગુજરાત કોંગ્રેસને ડૂબાડશે ?

જીએનએસ ગાંધીનગર

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહલ ગાંધીએ પોતાની ગુજરાત યાત્રા દરમિયાન સંઘમાં મહિલાઓની ભાગીદારીને લઈને સવાલ ઉઠાવ્યા હતાં. રાહલે કહ્યું હતું કે શું સંઘની શાખાઓમાં તમે મહિલાઓને ખાખી શોર્ટસમાં જોઈ છે ? રાહલના આ નિવેદનને ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપ મહિલાઓના સન્માન સાથે જોડીને મુદ્દો બનાવી શકે છે. ભાજપની આક્રમક રણનીતિથી કોંગ્રેસ પક્ષને મોટું નુકસાન થાય તેવું રાજકીય નિષ્ણાતો જણાવી રહ્યા છે.

અત્યાર સુધી આ નિવેદન પર ભાજપ શું રણનીતિ બનાવશે તે સ્પષ્ટ થઈ શક્યું નથી. કોંગ્રેસ સૂત્રોના જણાવ્યા અનુસાર પક્ષ રાહલ ગાંધીના નિવેદનને લઈને ચિંતીત બની ગઈ છે. સંઘે જ કોંગ્રેસ ઉપાધ્યક્ષના નિવેદન પર ટીકાના બાણ વરસાવ્યા છે. સંઘે રાહલ ગાંધીના નિવેદનને બકવાસ ગણાવ્યું હતું. સંઘનો સ્પષ્ટ મત છે કે નજીકના ભવિષ્યમાં મહિલાઓ માટે અલગથી શાખા બનાવવાની સંઘ પરિવારની કોઈ યોજના નથી. કોંગ્રેસ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ ગુજરાતમાં પોતાનો વનવાસ ખતમ કરી સત્તામાં વાપસી માટે પૂરું જોર લગાવી રહી છે. અમુક સૂત્રોએ જણાવ્યું કે રાહલનું નિવેદન કદાચ એક મોટી ભૂલ સાબિત થશે. બની શકે છે કોંગ્રેસના પૂર્વ સાંસદ સત્યજીત ગાયકવાડે પણ માન્યું કે પક્ષ માટે આ નિવેદન અસહજ સ્થિતિ ઉભી કરી દેશે. તેમણે કહ્યું કે આપણે બધા જાણીએ છીએ કે સંઘમાં મહિલાઓની ભાગીદારી નથી.

સંઘ પ્રચારકો સામાન્ય રીતે અપરિણીત પુરુષ જ હોય છે જે સંઘના પ્રચાર કાર્ય માટે પરિવારોના સંપર્કમાં રહે છે. સંઘના પ્રવક્તા મનમોહન વૈદ્યએ આ નિવેદન બાદ અનેક ટવીટ કરી કહ્યું કે અમુક મીડિયા ગ્રુપ તરફથી આવી ભ્રામક સામગ્રી પ્રચારિત કરવામાં આવી રહી છે કે સંઘની શાખાઓમાં ટૂંક સમયમાં મહિલાઓનો પ્રવેશ થશે પરંતુ એવું કશું નથી.

# એસટી નિગમ દ્વારા દિવાળી નિમિત્તે રાજયભરમાં ૭૦૦ એક્સ્ટ્રા બસ દોડાવાશે

ગાંધીનગર

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આગામી દિવાળીના દિવસો તા.૧૪-૧૦થી તા.૧૮-૧૦ દરમ્યાન સુરત અને અમદાવાદ ખાતેથી પુર્વ ગુજરાત (દાહોદ, ગોધરા, ઝાલોદ, સંતરામપુર) તરફ સૌરાષ્ટ્રના રત્નકલાકારો સહિતના પ્રવાસીઓ માટે સૌરાષ્ટ્ર તરફ તેમજ ઉત્તર ગુજરાત તરફ મુસાફરોના ઘસારાને પહોંચી વળવા માટે આશરે ૭૦૦ એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવા નિગમે નિર્ણય કરેલ છે તેમ નિગમના સચિવ કે.ડી.દેસાઈએ જણાવ્યું હતું. વધુમાં ઉમેર્યું હતું કે, એસટી નિગમના અમદાવાદ વિભાગ દ્વારા પણ ૩૦૦ જેટલા વધારાના વાહનોથી ખાસ કરીને પુર્વ ગુજરાત (દાહોદ, ગોધરા, ઝાલોદ, સંતરામપુર) તથા સૌરાષ્ટ્ર તરફ (અમરેલી, ભાવનગર, જૂનાગઢ) માટે દરરોજ એક્સ્ટ્રા સંચાલન હાથ ધરવા આયોજન કરેલ છે.

એક્સ્ટ્રા સંચાલનમાં મુસાફરો પાસેથી ૧.૬૫ ટકા જેટલું ભાડુ લેવામાં આવતું હતું જેમાં સરકાર દ્વારા ૪૦ ટકા રાહત આપી હવે ૧.૨૫ ટકા ના ધોરણે બસના એક્સ્ટ્રા સંચાલનમાં મુસાફરો પાસેથી ભાડુ લેવાનો નિર્ણય કરેલ છે. જેનાથી મુસાફરોને લાભ થશે. એક્સ્ટ્રા બસોના સંચાલન માટે ઓનલાઈન બુકીંગ થઈ શકે છે. આ સમયગાળા દરમ્યાન દરરોજ ૧૦થી ૧૨ જેટલી બસો અમદાવાદ, કૃષ્ણનગર, બાપુનગરથી સૌરાષ્ટ્ર તરફ સંચાલિત કરવાનો નિર્ણય થયેલ છે.

# ગણપત યુનિ.ની એસ.કે.પટેલ ફાર્મસી કોલેજ દ્વારા ત્રિદિવસીય વાર્ષિકોત્સવ ‘ફાર્માકિલંશ - ૧૭’ ઉજવાયો



**ફાર્મા - શેફ, પ્રાઈઝ ડિસ્ટ્રિબ્યુશન, અંતાક્ષરી, ગેઈમ્સ, ફુલ્કોર્ટ અને ફેશર્સ પાર્ટીના આયોજન દ્વારા રંગચંગે ઉજવણી થઈ**

ગણપત વિદ્યાનગર

ગઈ તા.૧૧ મી શરૂ થયેલા ગણપત યુનિવર્સિટીની એસ.કે.પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચનો ત્રિદિવસીય વાર્ષિકોત્સવ - “ફાર્માક્લિંચ - ૨૦૧૭” સંપન્ન થયો હતો.

ફાર્મા - શેફ, પ્રાઈઝ ડિસ્ટ્રિબ્યુશન, અંતાક્ષરી, વન-મિનિટ ગેઈમ - શો, ફુડ - કોર્ટ અને વેલકમ - પાર્ટી ફોર - ફેશર્સ - જેવાં વિવિધ કાર્યક્રમોનું આ ત્રણ દિવસ દરમિયાન આયોજન થયું હતું જેમાં તમામ વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

ગઈકાલે યોજાયેલા પ્રાઈઝ - ડિસ્ટ્રબ્યુશન માટેના વિશેષ સમારંભમાં ગણપત યુનિવર્સિટીના સ્થાપક - સર્જક અને પ્રેસિડેન્ટ અનિલભાઈ પટેલ, મહેસાણા સાર્વજનિક ફાર્મસી કોલેજના પ્રિન્સીપાલ અને જીટીયુના બોર્ડ મેમ્બર ડો.છગનભાઈ પટેલ, સુખ્યાત કંપની એમનીલ ફાર્માના સીનિયર જનરલ મેનેજર (એ.આર.ડી) ડો.તુષાર મહેતા, ગણપત યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડો.મહેન્દ્ર શર્મા, યુનિ.ના સાયન્સ ફેકલ્ટીના ડીન અને ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો.રાકેશ પટેલ સહિત અનેક વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો ખાસ ઉપસ્થિત રહી વિવિધ સિધ્ધિ બદલ મેડલ્સ અને પ્રમાણપત્રો મેળવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું.

આ અવસરે વિશેષ અને નોંધપાત્ર સિધ્ધિ મેળવતા વિદ્યાર્થીઓમાં એમ.ફાર્મ (ફાર્મા સ્યુટિક્સમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરી ઉર્મિ એસ.પટેલે ટોરેન્ટ ફાર્મા ગોલ્ડ મેડલ મેળવ્યો હતો તો ક્લોલિટી એસ્પોરન્સ અને ફાર્માકોલોજીમાં પ્રથમ ક્રમાંક મેળવી સોનલ બી.પટેલ અને સ્મિત એચ.પટેલે પણ અનુક્રમે એપીએમસી ઉંઝા ગોલ્ડ મેડલ અને ટ્રોઈકાફાર્મા ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા.

બી.ફાર્મની ડિગ્રી ફર્સ્ટ - રેન્ક (ઓવરઓલ - એક્સેલન્સ) હિમાની એસ.પટેલે મોતી - માધવ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તો એક્લેન્સ ઈન જી.પી.એ.ટી. ૨૦૧૭ નું સન્માન હાર્દિક પી.પટેલને ફાળે ગયું હતું.

આ અવસરે ગણપત યુનિ.ની ફાર્મસી કોલેજ દ્વારા આગામી જાન્યુઆરી માસની તા.૨૦/૨૧ દરમિયાન યોજાઈ રહેલા “૨૨મા નેશનલ કન્વેશન ઓફ સોસાયટી ઓફ ફાર્માકોગ્નોસી” અને “ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈન્ટિગ્રેટિંગ આયુર્વેદ એન્ડ હર્બલ ડ્રગ્સ ફોર નેક્ક્ષટ જનરેશન : થેરાપ્યુટિક્સ એન્ડ સટિલમેન્ટસ : ઓપચ્યુનિટિઝ એન્ડ ચેલેન્જિસ” અંગેની વેબસાઈટ અને તેનું બ્રોશર પણ મહેમાનોના હસ્તે લોંચ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના આયોજનમાં ડો.પી.યુ.પટેલ તેમજ ડો.આર.સી.પટેલ સહિત સમગ્ર પ્રાધ્યાપકો એ ભારે જહેમત ઉઠાવી હતી. તો કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓએ જ કરી સમગ્ર અવસરને ભારે સફળ બનાવ્યો હતો.

## દુઃખદ નિધન



જુનાડીસા

મુળ જુનાડીસાના વતની અને હાલ પાટણ રેલ્વેમાં ડી.સી. એમ.આઈ. તરીકે ફરજ બજાવતા રમેશચંદ્ર શાંતિલાલ ગોહિલ (ઉ.વર્ષ ૫૮) નું ગત તા. ૧૧/૧૦/૨૦૧૭ ના રોજ આકસ્મિક અવસાન થતા ગામમાં શોકની લાગણી છવાઈ છે. સ્વ અમારા જુનાડીસા પ્રતિનિધિ નરેન્દ્રભાઈ ગોહિલના મોટાભાઈ હતા. પ્રભુ સ્વ.ના આત્માને શાંતિ અર્પે.

## હાર્દિક પટેલને પાઠ ભણાવવા પાટીદારો સાથે ભાજપે ખેલ્યો ખેલ, રાજરમત જાણવા જેવી

ચૂંટણી સામે આવી તેના પગલે ભાજપ સરકારે પાટીદાર આંદોલન વખતે કરેલા પોલીસ કેસ પાછા ખેંચવાની શરૂઆત કરી છે. કોઈ પણ પ્રકારના સમાધાન થયા વગર ભાજપે શરૂ કરેલી કાર્યવાહી હાર્દિકને એકલો પાડી દેવાના ભાગ રૂપે હોવાનું જાણવા મળ્યું છે. જે પાટીદારો ઉપર પોલીસ કેસ હતા, તે પોલીસ કેસને કારણે હાર્દિકનો સાથ આપી રહ્યા હોવાની કેટલાક પાટીદાર આગેવાનોએ રજૂઆત કરી હતી. જેના કારણે પહેલા પ્રયાસ રૂપે જેમની ઉપર પોલીસ કેસ છે તે પાછા ખેંચી લેવામાં આવે તો હાર્દિક એકલો પડી જશે તેવા ગણિત સાથે આ કેસ પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

રાજ્યના ગૃહરાજ્ય મંત્રીના કહેવા પ્રમાણે રાજદ્રોહ સહિતના કેસ પાછા ખેંચવા અંગે રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે, સૂત્રોના કહેવા પ્રમાણે વિચારણા માત્ર સમય કાઢવાનો ભાગ છે, જો આ દરમિયાન એકલો પડેલો હાર્દિક ભાજપ સાથે બેસવા તૈયાર થાય તો તેની સાથે સમાધાન કરવા ભાજપ સરકાર આતુર છે. આ ઉપરાંત હાર્દિકને એકલો પાડવા માટે ભાજપના દિગ્ગજ નેતા આનંદીબહેન પટેલ સહિતના નેતાઓ હાર્દિકના સાથીઓ અને પાટીદાર આગેવાનોને એકલા મળવાની શરૂઆત કરી છે. થોડા દિવસ પહેલા આનંદીબહેન વિજાપુરના પાટીદાર યુવકોને મળી આંદોલન અને હાર્દિકને છોડી દેવા માટે સમજાવવા ગયા હતા.

# થરાદ પાલિકાના શોપીંગ સેન્ટરની હરાજી કરાશે : સામાન્ય સભામાં ઠરાવ

**સરકારની વિવિધ ગ્રાન્ટો અન્વયે કામો નક્કી કરવા તથા બચત ગ્રાન્ટનું આયોજન કરાયું**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ પાલિકામાં પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સામાન્ય સભામાં પાલિકાના શોપીંગ સેન્ટરની હરાજી કરવાનો છ સદસ્યોના વિરોધ વચ્ચે એજન્ડાને બહુમતીથી બહાલી આપવામાં આવી હતી. સાથે સાથે સરકારની વિવિધ ગ્રાન્ટો અન્વયે કામો નક્કી કરવા તથા બચત ગ્રાન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.આજની બેઠકમાં ૨૧ પૈકી ૧૬ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

થરાદ પાલિકાના પ્રમુખ સુમિત્રાબેન દવેની અધ્યક્ષતામાં પાલિકાના ઈન્ચાર્જ ચીફઓફીસર કલ્પેશ ભટ્ટની ઉપસ્થિતીમાં સામાન્ય સભા યોજાઇ હતી.જેમાં બેઠકના એજન્ડા મુજબ સરકારની વિવિધ ગ્રાન્ટો અન્વયે કામો નક્કી કરવા તથા બચત ગ્રાંટનું આયોજન અને મિલકત સંબંધી બાંધકામ પરવાનગી અરજીઓ પર નિર્ણય, પાલિકાના શોપીંગ સેન્ટરની હરાજીની કાર્યવાહી,મોનસુન રીપેરીગ ગ્રાંટની કામગીરી વાર્ષિક ભાવોથી કરાવવાને બહાલી આપવા તથા પાલિકાની વિવિધ શાખાઓની કામગીરીની સમીક્ષા જેવી બાબતોની ચર્ચા કરવાની હતી. જોકે આ કામગીરી શરૂ કરવા પુર્વે જ પાલિકાના વિરોધપક્ષના છ સદસ્યોએ તેમને તમામ (એજન્ડાના) મુદ્દે વાંધો હોવાનું જણાવતાં શાસકપક્ષે છ વિરુધ્ધ બહુમતીના જોરે તમામ મુદ્દાઓને બહાલી આપતા ઠરાવો કર્યા હતા. આજની બેઠકમાં પાલિકાના ૨૧ પૈકી પક્ષાંતર ધારા હેઠળ સસ્પેન્ડ કરવામાં આવેલા ભાજપના પાંચ બાગી સદસ્યો ગેરહાજર રહ્યા હતા.

**સસ્પેન્ડેડ સદસ્યો કોર્ટમાં જશે.**

ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ પર જીતેલા પાંચ નગરસેવકોને સરકાર દ્વારા પક્ષાંતર ધારા હેઠળ પાલિકાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવ્યા હતા. આ સદસ્યો ગુરૂવારની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. જો કે તેઓ આ મુદ્દે સ્ટે લાવવા માટે હાઈકોર્ટ જવાના હોવાનું પણ જાણવા મળ્યું હતું.

# આનંદીબહેન પટેલે ચૂંટણી લડવાની ના કેમ પાડી ?

મુખ્યમંત્રી તરીકે આનંદીબહેન પટેલે અચાનક રાજીનામુ આપી બધાને અચંબામાં મુકી દીધા હતા. તેવી જ રીતે થોડા દિવસ પહેલા આનંદીબહેન પટેલે અમિત શાહને પાઠવેલો પત્ર જાહેર કરી પોતે ચૂંટણી લડવા માગતા નથી તેવી જાહેરાત કરી ફરી એક વખત બધાને આશ્ચર્યમાં મુકી દીધા હતા. પણ આનંદીબહેન ચૂંટણી લડવા માગતા નથી તેનું કારણ સૌથી આશ્ચર્યજનક છે. સુત્રોની જાણકારી પ્રમાણે ભાજપ હાઈકમાન્ડે ગુજરાતના મુખ્યમંત્રીનો કળશ કેન્દ્ર મંત્રી સ્મૃતિ ઈરાનીના માથે મુકવાનો નિર્ણય કર્યો હોવાની જાણકારી મળતા આનંદીબહેન ચૂંટણીમાંથી ખસી ગયા છે.

વિશ્વનિય સુત્રોના જણાવ્યા પ્રમાણે આગામી ચૂંટણીમાં ભાજપ હાઈકમાન્ડે સ્મૃતિ ઈરાનીને ગુજરાતની ચૂંટણીમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. એટલુ જ નહીં ચૂંટણીમાં મળેલી જીત બાદ તેઓ ગુજરાતના શાસનની ધુરા પણ સ્મૃતિને સોંપવા માગે છે. આ બાબતની જાણકારી મળતા આનંદીબહેન વ્યથીત થઈ ગયા હતા. ગુજરાતની ચૂંટણી જીતવા માટે ભાજપ બહેનનો ઉપયોગ કરે

**અનુસંધાન પાના નં.૬**

# અમરેલી-નવસારીમાં ધોધમાર વરસાદ, દ.ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. અપર એર સાયકલોનિક સરક્યુલેશન સિસ્ટમને કારણે ભારે વરસાદ થવાની શકયતા છે. તેમજ અન્ય વિસ્તારોમાં પણ વાદળછાયુ વાતાવરણ છવાયેલું રહેશે. અમરેલી જિલ્લાના વાતાવણમાં ફરી પલટો આવ્યો છે. સાંવરકુંડલાના જપડી ગામે ધોધમાર વરસાદ પડ્યો છે.

**અનુસંધાન પાના નં.૬**

# તંત્રી સ્થાનેથી ...

**શ્રમ શ્રેષ્ઠ પુરૂષનો મુખ્ય મંત્ર હોય છે.**

## દેશમાં બાળકોની સુરક્ષા માટે શાળાઓમાં સીસીટીવી કેમેરા જરૂરી

વિકાસશીલ રાષ્ટ્રો આજે તમામ સ્તરે આગળ છે અને હજુ પણ વિકાસની તકો વધાર્યા કરે છે. ત્યારે ભારતમાં શિક્ષણ આપતી સંસ્થાઓ મતલબ એ શાળાઓને સુવિધાપૂર્ણ બનાવવા માટે કોઈપણ જાતના પ્રયત્નો થતાં નથી. વર્ષોથી જે શાળાઓમાં સમસ્યાઓનો ભંડાર ભર્યો છે. તે શાળાઓ તરફ શિક્ષણ વિભાગની આજદિન સુધી બેદકારી જ રહી છે. શાળાઓમાં બાળકો અને બાળકીઓની સુરક્ષા માટે જે વ્યવસ્થા થવી જોઈએ તે થતી નથી. એટલે બાળકોનું અભ્યાસ જીવન અંધકારમય બની રહેવા પામે છે.

વર્તમાન સંજોગોમાં જ્યાં શૈક્ષણિક સંકુલમાં બાળકોની સુરક્ષાના પ્રશ્નો ઉભા થયા છે. તે રીતે ગુજરાતમાં પણ શાળાઓમાં બાળકોની સુરક્ષા માટેના પ્રશ્નો ઉભા થયા છે. દિલ્હી અને હરિયાણાની શાળાઓની ચોંકાવનારી ઘટનાઓના પગલે ગુજરાતમાં પણ તમામ શાળાઓને સીસીટીવીની સુવિધા હોવી જોઈએ તેવી વ્યવસ્થા જો કરવામાં નહિં આવે તો શાળાની અંદર થતા ગુન્હાઓને પડકારી શકાશે નહિં. રાજ્યની તમામ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત દાદ માગતી જાહેર હિતની રિટ હાઈકોર્ટ સમક્ષ થઈ છે. જે રિટમાં ચીફ જસ્ટીસની ખંડપીઠે અરજદારની અરજીને ધ્યાને લીધા બાદ જરૂરી રજુઆતો કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી ૧૩ મીએ મુલતવી રાખી હતી.

શાળાઓમાં બાળકીઓનું થતું શારિરીક શોષણના બનાવો ચલાવી લેવાય નહિં. જ્યારે કોઈ બનાવ બાબતે ઉહાપોહ થાય છે ત્યારે જનતા અને શાળા સંચાલકો વચ્ચે ઘર્ષણ થયા વિના રહેતું નથી. શાળાઓમાં બાળકો પર નજર રહે તે માટે યોગ્ય પ્રમાણમાં સીસીટીવી કેમેરા લગાડવા જોઈએ. ક્લાસરૂમ સહિત અન્ય સ્થળે જો સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે તો તમામ લોકોના વર્તન પર સીધી નજર રહી શકે. જેથી જાહેર હિતની અરજીને ધ્યાને લઈ ચીફ જસ્ટીસ આર. સુભાષ રેડ્ડી અને જસ્ટીસ વી.એમ. પંચોલીની ખંડપીઠે અરજદારનું એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે સુપ્રિમ કોર્ટ દ્વારા તમામ રાજ્ય સરકારને કડક રીતે આદેશ આપી શાળાઓમાં બાળકોની સુરક્ષા બાબતે કેટલીક ગાઈડ લાઈન બનાવવા માટે પણ રાજ્ય સરકારને આદેશ આપવામાં આવેલ છે.

દિલ્હી અને હરિયાણાની શાળાઓમાં જે અઘટિત બનાવો બન્યા હતા. તેનાથી સમગ્ર દેશ ચોંકી ઉઠેલ છે. શિક્ષકો દ્વારા પણ બાળકીઓ સાથે થતી શારિરીક છેડછાડ શિક્ષણ જગત માટે કલંકરૂપ કહી શકાય. દેશમાં ખરેખર જોવા જઈએ તો સમગ્ર શિક્ષણ તંત્ર ખાડે ગયું છે. તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે રાજ્યની ઘણી બધી શાળાઓ ખંડેર જેવી બની રહેવા પામી છે. શાળાઓમાં પૂરના પાણી ઘુસી જતાં બાળકોનું શિક્ષણ કાર્ય બગડ્યું. ત્યારે બીજી તરફ મોટાભાગની શાળાઓમાં બાળકો માટે ટોઈલેટ(બાથરૂમ) ની કોઈ સગવડ નથી. આ તો બરાબર પરંતુ બાળકોને પીવા માટે પાણીની પણ કોઈ સગવડ નથી હોતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં બાળકોને શાળાઓ નજીકની હોટલ કે પછી ચાની લારી પર ગમે તેવા ગંદા પાણી પીવાની ફરજ પડે છે. આ તમામ બાબતે શિક્ષણ વિભાગે જવાદારીપૂર્વક આગળ આવવું જોઈએ. દર માસે શિક્ષણ વિભાગને જે તે લાગતા વળગતા અધિકારીઓએ શાળાની સત્તાવાર મુલાકાત લઈ ત્યાં બાળકોને થતી હેરાનગતિ બાબતે શાળા- સંચાલકનું ધ્યાન દોરવું જોઈએ. શાળાઓમાં શિક્ષકોની અનિયમિતતા શા માટે ચલાવી લેવામાં આવે છે? ખાસ કરીને બાળકોની સુરક્ષા માટે દેશની તમામ શાળાઓને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવી જરૂરી છે.

## ૪ કરોડથી વધુ બાળકો સત્યાર્થી કલાસમાં જોડાયા

જયપુર

નોબલ શાંતિ પારિતોષિક વિજેતા, શ્રી કૈલાસ સત્યાર્થીએ આજે જયપુરમાં અત્યાર સુધીનો સૌથી મોટો કલાસ લીધો હતો. જાતિય શોષણનાં જોખમો અંગે જાગૃતિ વધારવા અંગે તેમણે ડીએવી સેન્ટેનરી પબ્લિક સ્કૂલમાં ૧૫,૦૦૦થી વધુ બાળકો સાથે ૩૫ મિનીટ સુધી વાર્તાલાપ કર્યો હતો. એમાં ડીએવી સ્કૂલની વિવિધ શાખાઓમાંથી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સેશનમાં બાળકોને ભારતના બંધારણે આપેલા મૂળભૂત અધિકારો અંગે વાત કરવામાં આવી હતી. પોતાની જાતની સુરક્ષા માટે સારા સ્પર્શ-ખોટા સ્પર્શ વચ્ચેનો તફાવત સમજવા અને તે દ્વારા પોતાને તથા અન્ય બાળકોને શોષણથી દૂર રાખવા તેમજ નો ટચના સિધ્ધાંતને સમજવાની જરૂર અંગે વાત કરવામાં આવી હતી. "દુનિયા આજે અભૂતપૂર્વ ક્ષણની સાક્ષી બની રહેનાર છે, જ્યારે ભારતનાં ૪ કરોડથી વધુ બાળકો બળાત્કાર અને જાતિય શોષણ સામેના યુધ્ધમાં જોડાયા છે. તેમણે બાળકોની સલામતિઅંગેનાસૌથીમોટા શિક્ષણમાં ભાગ લીધો છે. ભોગ બનેલા લોકોને દોષ આપનારા તથા લાંછન લગાડનારા અને ગુનેગારને મજબૂત બનાવતા દુનિયાના જૂનવાણી માઈન્ડસેટ ઉપર આ સૌથી મોટો હુમલો છે. મને વિશ્વાસ છે કે ભારતનાં બાળકો સમજ્યાં છે કે તેમના શરીર અને આત્માના તે માલિક છે. આ પેઢી જ્યારે પોતાની સુરક્ષા કરવા માટે સક્ષમ છે ત્યારે આવનારી પેઢીઓની પણ સુરક્ષા થશે તેવી ખાત્રી મળે છે." શ્રી સત્યાર્થીએ જાતે જેની ગોઠવણ કરી હતી તે બેઠકમાંરાજસ્થાનની સેંકડો શાળાઓના બાળકોએ સમાંતરપણે ભાગ લીધો હતો.બાળકો અને શિક્ષકોમાં "સત્યાર્થી કલાસ" ના લોકપ્રિય નામથી જાણીતા આક્લાસમાં દેશભરમાંથી ૪ કરોડથી વધુ બાળકો જોડાયાહતા. આ ક્લાસમાં ભારત યાત્રાના ઉદ્દેશ મુજબ બાળકોના જાતિય શોષણ અને તસ્કરી નિવારવાના પાઠ ભણાવવામાં આવ્યા હતા. આ ક્લાસનું પ.બંગાળ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, તામિલનાડુ, તેલંગણા, સિક્કિમ, રાજસ્થાન, પંજાબ, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, મણીપુર, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ગુજરાત, દિલ્હી, ચંદીગઢ, છત્તીસગઢ, બિહાર અને આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, કર્ણાટક જેવા દેશનાં ૨૩ રાજ્યોની ૬૯૩ ડીએવી શાળાઓમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આસામ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કેરાલા, તામિલનાડુ અને એનપીએસ સ્કૂલ ઓફ દિલ્હી, એનસીઆરની સરકારી અને ખાનગી શાળાઓમાં પણ કૈલાસ સત્યાર્થી ચિલ્ડ્રન ફાઉન્ડેશનના માર્ગદર્શન મુજબ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ શાળાઓ આ સપ્તાહ દરમ્યાન ક્લાસનું આયોજન કરશે અને દેશમાં બાળકોની સલામતિ, સુરક્ષા અને કલ્યાણમાટેની ઝુંબેશમાં પ્રદાન કરશે. શ્રી સત્યાર્થી જણાવે છે કે "બિલકુલ ૩ વર્ષ પહેલાં મારા નોબલ પ્રાઈઝની જાહેરાત કરવામાં આવી હતી. મારા માટે નોબેલ એ મારા મિશનનું અલ્પવિરામ છે, પૂર્ણ વિરામ નહી. આજે એક એક્ટિવિસ્ટ તરીકે દરેક બાળક, બાળકની જેમ મુક્ત રહે તે માટેની મારી લડત હંમેશાં ચાલુ રહેશે. હું ભારતને બાળકો માટે સલામત બનાવવા ૨૨ રાજ્યોમાં ૧૧,૦૦૦ કિમી.ની કૂચ કરી રહ્યો છું."

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## અગ્રણી કાર ડિટેઈલિંગ બ્રાન્ડ ૩એમએ ૧૦૦માં કાર કેર સ્ટોરને લોન્ચ કર્યો



અમદાવાદ

કાર ડિટેઈલિંગ સેક્ટરમાં ભારતની સૌથી મોટી સંગઠિત કંપની ૩એમ કાર કેરે આજે અમદાવાદમાં તેના ૧૦૦માં તથા શહેરમાં ત્રીજા સ્ટોરને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ૩એમ ઈન્ડિયાના ઓટોમોટિવ આફટર માર્કેટ્સ ડિવિઝનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અજય જૈને મેમનગર ફાયર સ્ટેશનની સામે ૧,૫૦૦ ચોરસફુટ વિસ્તારમાં ફેલાયેલા નવા સ્ટોરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ એક્સક્લુઝિવ આઉટલેટ કાર ડિટેઈલિંગની વિશાળ શ્રેણી તથા કાર માલીકની વ્યક્તિગત જરૂરિયાતો પ્રમાણે વિશેષ ડિઝાઈન કરેલી સેવાઓ ઓફર કરે છે. ૩એમ મેટ્રો શહેરોની બહાર વિસ્તારણ ઉપર કેન્દ્રિત છે અને તે માટે અમદાવાદ યોગ્ય માર્કેટ છે, જે મહાત્વાકાંક્ષા અને માગને ખુબજ સારી રીતે પ્રદર્શિત કરે છે.

૩એમ ગ્રાફિક ઈમેજરીથી લઈને સ્ટાઈલિશ ફિલ્મ ફિનિશ, બોડી રેપ અતવા રૂફ રેપ્સ જેવા સોલ્યુશન્સની વિશાળ રેન્જ ઓફર કરે છે, જે વાહનના એક્સટિરિયર પર્સનલાઈઝેશન માટે એકદમ યોગ્ય છે. આ ફિલ્મ્સને સરળતાથી દૂર કરી શકાય છે અને ઓઈએમ ઓરિજનલ પેઈન્ટને નુકશાન કરતું નથી તથા કારને જરૂરી મેકઓવરમાં મદદરૂપ પણ બને છે.

## શારજાહ ટુરિઝમ બોર્ડ દ્વારા અમદાવાદમાં રોડ શો હાથ ધરાયો



અમદાવાદ

શારજાહ ટુરિઝમ બોર્ડ દ્વારા આજે સહયોગીઓ અને ટ્રાવેલ એજન્ટસ માટે કાપડ ઉદ્યોગના શહેર અમદાવાદમાં ટુરિઝમ પ્રમોશન રોડ-શોનું આયોજનકરવામાં આવ્યું હતું. આ શો નો ઉદ્દેશ એમિરેટસ ઓફ શારજાહને એક સંસ્કૃતિ, બિઝનેસ લેઈઝર અને શિક્ષણના સ્થાન તરીકે ભારતના પ્રવાસીઓમાં દર્શાવવાનો અને એજ્યુકેશનલ બોર્ડ, ટુરિઝમ સેન્ટર્સ, નીતિ ઘડનાર સમુદાય અને બિઝનેસ જગતમાં સંપર્ક વધારવાનો હતો. એક દિવસનો આ સમારંભ હયાત રીજન્સી ખાતે યોજવામાં આવ્યો હતો અને એમાં ટ્રાવેલ એજન્ટસ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ડીએમસી, હોટ-`લિયર્સ, એરલાઈનના ઓફિસરો અને શારજાહ ટુરિઝમ બોર્ડના મેનેજમેન્ટ સાથે પરામર્શ કર્યો હતો. રોડ શો ના માધ્યમથી શારજાહ ટુરિઝમ બોર્ડના પ્રતિનિધિઓ અને ડેલિગેટસ માટે અમદાવાદના ટ્રાવેલ એજન્ટસ સાથે શારજાહના સ્થાનનો અસરકારક રીતે કેવી રીતે પ્રચાર કરવો તે અંગે પરામર્શનું પ્લેટફોર્મ તૈયાર થયું હતું. એમિરેટસની બીચ હોટેલ્સ અને રિસોર્ટસમાં જે ધસારો વર્તાય છે તેનાથી અમારી અપેક્ષાઓમાં વધારો થયો છે. વર્ષના પ્રારંભથી જ ટોચના મોલ દ્વારા યોજાતી સ્પેશ્યલ પ્રમોશન ઓફરો ઉપરાંત શારજાહ દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક, કલાત્મક, મનોરંજન અને શોપિંગ ફેસ્ટીવલ યોજવામાં આવે છે. આ કારણે પ્રવાસીઓની નજરમાં એમિરેટસનું આકર્ષણ વધ્યું છે.

## દીવાળીમાં બદામ તમારા પોતાના માટે સૌથી સારો ઉપહાર

દીવાળી બસ આવી જ ગઈ છે. લોકોને આખું વર્ષ આ દિવસની રાહ હોય છે. દીવાળી નજીક આવવાની સાથે લોકોનો ઉત્સાહ વધી જાય છે. દીવાળી માટે ખરીદી, ખાવાની ખાસ ચીજોની તૈયારી અને ઉપહારમાં કંઈક ખાસ આપવાનો વિચાર આપણા સૌના મનમાં આવે છે. આખા વિસ્તારમાં નવો જોશ રહે છે. જો કે ઘોંઘાટ વચ્ચે આપણા માટે શરીર અને સ્વાસ્થ્યની જરૂરિયાતને સમજવું જરૂરી હોય છે. આપણા પોતાનાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પણ જરૂરી હોય છે. એવામાં આપણને જોઈએ કે દીવાળી પર એક બીજાના સારા સ્વાસ્થ્યની સૌગાદ આપવામાં આવે. દીવાળીના દિવસો બજારોમાં દરેક મીઠાઈઓ જીવ લલચાવે છે અને તળેલી ચીજો ખાવાનું પણ મન કરે છે. પણ વધુ કેલેરી અને ઓછા પોષણવાળી આ ચીજો મનભરીને ખાવું એક મોટી ભૂલ છે જેની ભારે કિંમત ચૂકવવી પડે છે. બીજી તરફ દીવાળીની ઉજવણી કરવા માટે સ્વાસ્થ્યપ્રદ વિકલ્પ પણ છે. આને સ્વીકારીને દીવાળીના જોશમાં સ્વાસ્થ્ય માટે દુખદાયી ચીજો ખાવાથી બચી શકાય છે.દીવાળી પર હાનિકારક સ્નેક્સના બદલામાં લોકો એક બીજાને ઉપહારમાં સૂખા મેવા આપી શકે છે જેમ કે બદામ. બદામમાં ૧૫ પોષક તત્વ રહેલા છે, જેમ કે વિટામિન ઈ, ફાઈબર, પ્રોટીન વગેરે. સૌથી મોટી વાત કે આ ખાધા પછી સંતોષ મળે છે. બે આહાર વચ્ચે જ્યારે કંઈક ખાવાનું મન કરે તો મુઠ્ઠી બદામ તમને તૃપ્ત કરી દે છે. આમાં પ્રોટીન અને ફેટ સહિત અનેક જરૂરી પોષક તત્વ કુદરતી રીતે ઉપલબ્ધ છે આ માટે બદામ તમારી ઉર્જા બનાવી રાખે છે. તો ખુદ અને પોતાનાઓની જિંદગીમાં નવી આદત પાડો. દિવાળીમાં બદામ ઉપહાર તરીકે આપો.

## એમ૩એમે મેજિક બ્રિક્સની સાથે 'માય બિડ, માય હોમ' દરમ્યાન ૨૦૦ કરોડ રૂ. થી વધુ વેચાણ નોંધાવ્યું



ભારતની નંબર ૨ પ્રોપર્ટી સાઈટ મેજિકબ્રિક્સે ૭ ઓક્ટોબરે શરૂ કરવામાં આવેલા પોતાની રીતના પહેલા ઓનલાઈન પ્રોપર્ટી બિડિંગ અભિયાન 'માય બિડ, માય હોમ' દરમ્યાન એમ૩એમ માટે ૨૦૦ કરોડ રૂ. નું વેચાણ નોંધાવ્યું છે. અભિયાન અંતર્ગત ગુરુગ્રામ એમ૩એમ ગોલ્ફએસ્ટેટ (સેક્ટર ૬૫),

એમ૩એમ મર્લિન (સેક્ટર ૬૭) તથા એમ૩એમ વુડશાયર (સેક્ટર ૧૦૭)માં ઉપસ્થિત સંપત્તિઓ માટે બોલી લગાવવામાં આવી. આમાં ૧૩૫૫ સ્ક્વેરફૂટથી લઈને ૫૪૮૮ સ્ક્વેર ફૂટ સુધીના એપાર્ટમેન્ટ વેચવામાં આવ્યા. પરિયોજનાઓ જીએસીની સીમાથી બહાર છે કેમકે આના માટે ઑક્યૂપેન્સી સર્ટિફિકેટ પહેલેથી પ્રાપ્ત થઈ ચૂક્યા છે અને વપરાશકર્તાઓને ૧૨ ટકા વધારાનો ફાયદો મળશે. માય બિડ,માય હોમ માટે રજીસ્ટ્રેશન ૧૫ સપ્ટે. થી ૬ ઓક્ટો. સુધી ખૂલ્લુ હતું.

## જાવેદ અક્ષર આશા ભોસલેના છેક ૧૯૪૫ માં બોલીવુડમાં પદાર્પણને સામે લાવે છે!



એક અસાધારણ ગાયિકા જેનો અવાજ એવા તોફાન સાથે મેળ ખાતો છે જે લાખો દર્શકોના હૈયાં જીતી લેનાર છે, તમારા માટે એ છે આશા ભોસલે. કલાકારોના પરિવારમાંથી આવતી, આશા ભોસલે પાંચ ભાઈ–બહેનોમાં ત્રીજા ક્રમાંક પર આવે છે. અને ક્લાસિક લીજેન્ડસ સીઝન , પોતાના આ વીકએન્ડના એપિસોડમાં પ્રપોઝિશન વો જમાન હૈ દીવાના સાથે દંતકથા સ્વરૂપ ગાયિકાના બાળપણ અને ખ્યાતિ સુધી પહોંચવાના એમના ઉછેરનું પગેરું કાઢશે.એપિસોડ રવિવારે ૧૫મી ઓકટોબરના રોજ રાત્રે ૭:૦૦ કલાકે ઝી ક્લાસિક પર દર્શાવવામાં આવશે. મહારાષ્ટ્રના એક નાનકડા ગામમાં દીનાનાથ મંગેશકરને ત્યાં જન્મેલી આશા ભોસલે શરૂઆતથી જ એક આશીર્વાદ સમી બાળકી હતી. પણ, જયારે પાંચેવ ભાઈબહેન અનાથ થઈ ગયા ત્યારે ભાગ્યે વળાંક લીધો આશા ભોસલે ૧૦ વર્ષની વયની અને સૌથી મોટી બહેન લતા મંગેશકર શકર ૧૪, વર્ષની હતી. જાવેદ અક્ષર જણાવે છે, દાયકાઓ સુધીની કારકિર્દીને ૧૨,૦૦૦ ઉપરાંત ગીતો ગાવાની ક્રેડિટ જાય છે. અને, આ કામે તેણીને ગિનિઝ વર્લ્ડ રેકોર્ડમાં મોસ્ટ રેકોર્ડેડ વોઈઝ ઈન ધ વર્લ્ડમાં સ્થાન અપાવ્યું. પોતાના જીવનકાળ દરમ્યાન આશા ભોસલેએ બીજું શું અનુભવ્યું? કિશોર કુમાર તથા આર ડી બર્મન સાથે તેણીના સબંધો કેવા રહ્યાં? જાણવા માટે, જાવેદ અક્ષર સાથે કલાસિક લીજેન્ડસ સીઝન ૪ જોવાનું ચૂકશો નહી રવિવારે, ૧૫મી ઓક્ટોબરના રોજ રાત્રે ૭ કલાકે ઝી ક્લાસિક પર

## આ દિવાળીમાં સોની YAY! તેના બધા ટેણિયા ચાહકો માટે મોજીલું તત્ત્વ નવી ઊંચાઈએ લઈ જાય છે!



મુંબઈ

બાળકોને તહેવારની મોસમમાં આવતી ખુશી અને ઉજવણીઓ બહુ ગમે છે. આ દિવાળીમાં સોની YAY!આ જ ધ્યાનમાં રાખીને બાળકોને મનોરંજનનો મોટો ડોઝ અને ભરપૂર સરપ્રાઈઝ આપીનેઉજવણીનો માહોલ નવી ઊંચાઈએ લઈ જવાનું લક્ષ્ય ધરાવે છે.પહેલી જ વાર બાળકો અભિનેતા અને ચેનલના બ્રાન્ડ એમ્બેસેડર ટાઈગર શ્રોફને વિશેષ સેગમેન્ટ ટાઈગર ઝોલમાલપાઠશાલામાં પ્રોફેસરના વેશમાં જોવા મળવાનો છે. ટાઈગર સબ ઝોલમાલ હૈનાં ઝોરદાર, હની, બની અને પોપટ જેવાં ચેનલનાં બાળકોનાં ફેવરીટ પાત્રોને મૂંઝવણમાં મૂકતા પાઠ આપતો જોવા મળશે. આ પાત્રોનો સ્વભાવ જોતાં ટાઈગર સાથે આ સેગમેન્ટ હાસ્યની છોળો ઉડાવશે, કારણ કે તેઓ તેમની નટખટ હરકતો છોડવાના નથી અને નવા શિક્ષક સાથે પણ હાસ્યસભર હરકતો કરતા રહેશે.ચેનલ તેની ઝુંબેશ ઝોલમાલભરી દિવાલીના ભાગરૂપ ઝોલમાલભરી સવારી નામે અજોડ કેન્ટર એક્ટિવિટી પણ શરૂ કરીનેદર્શકોના જીવનમાં મોજમસ્તી અને ખુશીનો વધારાનો ડોઝ ઉમેરશે.

## અજય દવેની વિમેન્સ ક્રિકેટ એસોસિએશન ઓફ ગુજરાતની મિડીયા કમિટીના ચેરમેન તરીકે નિમણૂંક



અમદાવાદ

વિમેન્સ ક્રિકેટ એસોસિએશન ઓફ ગુજરાતની તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સભામાં ગુજરાતનાં જુદા-જુદા શહેરનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં. આ વાર્ષિક સભામાં અજય જગદીશ દવેની મિડીયા કમિટીનાં ચેરમેન તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.'વિમેન્સ ક્રિકેટ એસોસિએશન ઓફ ગુજરાતની મિડીયા કમિટીનાં ચેરમેન થતાં મને આનંદની લાગણી થાય છે. આગામી સમયમાં ગુજરાતનાં દરેક જિલ્લાઓમાં યુવા મહિલાઓ ક્રિકેટની રમતમાં જોડાય અને રાષ્ટ્રીય સ્તરે ઝળહળતાં દેખાવ કરે તે માટે અમે સતત પ્રયત્નશીલ રહીશું. આ ઉપરાંત સમૂહ માધ્યમો સાથે પણ અમે અસરકારક સંકલન સાધને ગુજરાતમાં મહિલા ક્રિકેટનાં પ્રચાર અને પ્રસાર માટે શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.'

## ઉત્તમ ભારતીય વાનગીઓ દ્વારા એમિરેટસ દિવાળીની મોસમમાં મિઠાશ લાવશે



અમદાવાદ

દિવાળીની ઉજવણીના મોસમમાં એમિરેટસ તેના ગ્રાહકોને ખુશ કરવા માટે દિવાળીની વિશેષ વાનગીઓ રજૂ કરશે. દિવાળીની ઉજવણીના સપ્તાહ દરમ્યાન એટલે કે તા.૧૬ થી ૨૨ ઓક્ટોબર, ૨૦૧૭ દરમ્યાન આ વાનગીઓ દુબઈ અને ભારતથી આવતી જતી તમામ ફ્લાઈટસના તમામ ક્લાસમાં ગ્રાહકોને ઉપલબ્ધ કરાશે. દિવાળી એ પ્રકાશનો તહેવાર છે. દુનિયાભરના ભારતિયો આ તહેવારની ઉજવણી કરે છે. ઉજવણીમાં આહાર એટલો જ મહત્વનો ભાગ ભજવે છે. દિવાળી માટે તૈયાર કરાયેલી ઉત્તમ વાનગીઓમાં રંગ અને સુગંધનો સમન્વય કરવામાં આવ્યો છે અને તેમાં વતનની યાદ અપાવે તેવા 'બેસન કે લડુ' અને 'ડ્રાયફ્રૂટ બરફી' જેવી વાનગીઓ રજૂ કરાશે. એમિરેટસ, ચણાના લોટ, ઘી, બદામ અને કેસરની સુગંધ ધરાવતા અને ખાંડની ચાસણી દ્વારા તૈયાર કરાયેલા પરંપરાગત 'મોતીચૂરના લાડુ' પિરસશે. આ મિઠાઈઓ વિશેષ આર્ટ વર્ક ધરાવતા અને શણગારેલા બોક્સમાં પિસ્તા અને ચાંદીનો વરખ સાથે રજૂ કરાશે તેમજ દિવાળીને અનુસાર પરંપરાગત સુશોભન પણ કરવામાં આવ શે. ગરમ ભોજનની ટ્રે માં એમિરેટસના ઈકોનોમી ક્લાસ, બિઝનેસ ક્લાસ અને ફર્સ્ટ ક્લાસના ગ્રાહકોને દિવાળીની વાનગીઓ પિરસવામાં આવશે, જેમા લાડુ અને કાજુ, બદામ, પિસ્તાં, અખરોટ, દ્રાક્ષ, અંજીર અને ખજૂરથી ભરપૂર ડ્રાયફ્રૂટ બરફી પિરસવામાં આવશે. આ વાનગીઓ દિવાળીના પરંપરાગત સુશોભનથી શણગારેલા બોક્સમાં પ્રિમિયમ ચોકલેટના વિકલ્પ તરીકે આપવામાં આવશે.

## આ દિવાળીમાં અજય દેવગન, ઈમરાન હાશમી અને મિલન લુથરિયાનું સ્ટાર ગોલ્ડ પર પુનઃમિલન થશે




અજય દેવગન, ઈમરાન હાશમી અને ડાયરેક્ટર મિલન લુથરિયા ૭ વર્ષ પછી પાછા એકત્ર આવી રહ્યા છે. છેલ્લે તેઓ વન્સ અપોન અ ટાઈનઈન મુંબઈમાં એકત્ર જોવા મળ્યા હતા. તે પછી હવે તેમની નવી એકશન ફિલ્મ બાદશાહોમાં ફરી એકત્ર જોવા મળશે. આ ફિલ્મ રવિવાર,૧૫મી ઓક્ટોબરે બપોરે ૧ વાગ્યાથી સ્ટાર ગોલ્ડ પરથી પ્રસારિત થશે.સ્ટાર ગોલ્ડ ચેનલ આપણા ઘરોમાં બોલીવૂડની સૌથી મોટી બ્લોકબસ્ટર્સ લાવવામાં સદા તત્પર રહી છે ત્યારે આ દિવાળીમાં બાદશાહોથિયેટરોમાં રિલીઝ થયાના ફક્ત ૫ સપ્તાહમાં જ વર્લ્ડ ટેલિવિઝન પ્રસારણ સાથે રોશનાઈને વધુ દીપાવવા વચનબદ્ધ છે.

૧૯૭૫-૭૭ની કટોકટીના યુગમાં અસલ જીવનની ઘટનાઓથી પ્રેરિત બાદશાહો રૂવાડાં ઊભાં કરનારી ઘટનાઓ અને પીછો કરવાનાં દશ્યોસાથે રોમાંચક આપવા સાથે તેમાં ગીતો પણ મજેદાર છે. આ સાહસિક સવારીમાં અજય દેવગન, ઈમરાન હાશમી, ઈલિયાના ડિક્રુઝ, ઈશાગુપ્તા, સંજય મિશ્રા અને વિદ્યુત જામવાલ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતાં જોવા મળશે.રાજસ્થાનમાં સ્થાપિત આ થ્રિલર ફિલ્મ મહારાણી ગીતાંજલિ દેવી (ઈલિયાના)નો સોનાનો ખજાનો અને તેના વિશ્વાસુ તથા પ્રેમી ભવાની (અજય)ને આ સોનું ચોરી કરવા માટે કઈ રીતે નિયુક્ત કર્યો તે વિશેની વારતા છે. તમારી દિવાળીનો જોશ બાદશાહો સાથે વધુ વધારવાનું ચૂકશો નહી, આ રવિવાર, ૧૫મી ઓક્ટોબરે બપોરે ૧ વાગ્યાથી, ફક્ત સ્ટાર ગોલ્ડ પર!

## લિવિંગ ફૂડ્સનો નવો શો સર્વશ્રેષ્ઠ પ્રાદેશિક વ્યંજનોને એક જ થાળીમાં પરોસશે



તહેવારોનો ઉત્સાહ વધારવા માટે તૈયાર થઇ જાઓ કેમકે આ મહીને શેફ કુણાલ કપૂર લિવિંગ ફૂડ્ઝ પર લઈને આવી રહ્યું છે નવો શો 'ઉત્સવ : થાલીઝ ઓફ ઈન્ડિયા'. આ શો માં અમે મનાવીશું ભારતીય ભોજન, આનો ઈતિહાસ, સંસ્કૃતિ અને વિભિન્ન રીતે સ્વાદોનો ઉત્સવ. આ શો દર્શકોને દેશના ૧૮ શહેરોની એક અદભુત યાત્રા પર લઈ જશે અને તેમને ભારતીય વ્યંજનોની સમૃદ્ધ વિરાસતથી રૂબરૂ કરાવશે. ઉત્સવ – થાલીઝ ઓફ ઈન્ડિયામાં શેફ કુણાલ દેશના દરેક ક્ષેત્રમાં જશે અને ત્યાંના લોકોથી જોડાયેલા રસપ્રદ કિસ્સા, ત્યાંના સ્વાદિષ્ટ વ્યંજન, સ્થાનિક સામગ્રીઓ, ખાવાનું બનાવવું અને પરોસવાની ઝીણવટતાઓને તમારા સુધી પહોંચાડશે. તે સ્થાનિક લોકોના ઘર મંદિરો અને બજારોમાં ફરતા ત્યાંની આકર્ષક સંસ્કૃતિ અને દરેક શહેરની થાળીઓની ખાસિયત વિશે બતાવશે. આ શો નો હેતુ આ દેખાડવાનો છે કે કેવી રીતે એક થાળી, એક ક્ષેત્રના લોકો, ત્યાંની પરંપરાઓ, સંસ્કૃતિ અને અલગ-અલગ સ્વાદોનો સુંદર સંગમ હોય છે. આની સાથે જ આ થાળી આપણા દેશની વિવિધતાનું સુંદર ઉદાહરણ પણ રજૂ કરે છે. ખરેખર, ભોજન સાથે જોડાયેલી આપણી જૂની યાદોમાં પણ એક સ્વાદિષ્ટ થાળીનો ઉલ્લેખ જરૂર થશે, જેની સાથે પૂરો પરિવાર એકબીજાની નજીક આવતો હતો. આ એક આલીશાન દાવત જેવો અનુભવ છે, જેમાં કોઈને પણ એક રાજાની જેમ ભોજન કરવાનો અહેસાસ હોય છે દરેક થાળીની પાછળ એક કહાણી છૂપાયેલી છે અને આ જ કહાણીઓને શો માં દેખાડવામાં આવશે. આ શો ૧૬ ઓક્ટોબરથી લિવિંગ ફૂડ્ઝ પર શરૂ થશે અને દર સોમવારે અને મંગળવારે સાંજે ૮:૦૦ કલાકે પ્રસારિત કરવામાં આવશે. આનો રીપીટ ટેલિકાસ્ટ દર સોમવારે અને મંગળવારે સવારે ૧૧:૦૦ કલાકે, બપોર ૨:૩૦ કલાકે અને રાત્રે ૧૦:૩૦ કલાકે થશે.

## ઝી રિશ્તે એવોર્ડસ પર હમ પાંચ પોતાનો જાદુ પુનઃ જગાવે છે

ઝી ટીવીના ગત ૨૫ વર્ષો દરમ્યાન, ઝી ટીવી એ પોતાના દર્શકોનું



મનોરંજન લોકપ્રિય ટીવી શોઝ જેમ કે બનેગી અપની બાત, હમ પાંચ, પવિત્ર રિશ્તા અને કુમકુમ ભાગ્ય વડે કરેલ છે. હળવી ફુલ કોમેડીઝ થી લઈ ડ્રામેટિક પ્રમ કહાણીઓ આ તમામ પ્રકારના આ શો એ દર્શકોને પોતાના જકડી રાખતા વર્ણનો દ્વારા દર્શકોને મુગ્ધ કર્યા હતાં. ઝી ટીવી ઘણાં મજબૂત પાત્રો અને કહાણીઓ રચવા સાધન રૂપ રહેલ છે જે મહાન ભારતીય મધ્યમ વર્ગની સમજણ સાથે મેળ ખાઈ, તેઓની આશાઓ અને મહત્વાકાંક્ષાઓનું પ્રતિબિંબ દર્શાવનાર હતાં. આ વર્ષે, ઝળહળતાં ઝી ની મુસાફરીને સાચે જ "રિશ્તા મુબારક" સ્ટાઈલમાં સંસ્મરણ કરવાં એક એવી ટીમની સાથો–સાથ આવીને ઝી ટીવીના તમામ પ્રમુખ ચહેરા ઝી રિશ્તે એવોર્ડસ નાઈટને શોભાયમાન કરશે જે તમામ વય જૂથોના દર્શકો પસંદ બની ગયેલ હતી– ઝી ટીવીનું હાસ્ય–હુલ્લડ, હમ પાંચ!આવી મસ્તીની વધુ ક્ષણો અને ઝીણી–ઝીણી બાબતે માટે, ઝી રિશ્તે એવોર્ડસ જુઓ રવિવાર ૧૫મી ઓકટોબર ૨૦૧૭ના રોજ સાંજે ૭ કલાકે, ફક્ત ઝી ટીવી પર!

## દિવાળીમાં તમારા પ્રિયજનોને આપો પ્લેટીનમ જ્વેલરીની ભેટ



તહેવારોમાં જયારે ભેગા મળવાનો ઉત્સાહ આવે છે ત્યારે ઉજવણી શરુ થઈ જાય છે. આપણા દેશમાં દિવાળીની આતુરતાપુવર્ક રાહ જોવાય છે તથા પ્રિયજનો ના આર્શિવાદ અને પ્રેમ મળે છે ત્યારે આ સુંદર ઉજવણી ને પ્લેટીનમ સિવાય કોઈ ખાસ બનાવી શકે નહી. આ દિવાળીએ તમારા પ્રિયજનોને દિલથી આર્શિવાદ અને સ્નેહ આપો , તેમને ખરા અર્થમાં દુલર્ભ છે તેવી સુંદર પ્લેટીનમ જ્વેલરીની ભેટ આપો. પ્લેટીનમ પ્રેમ ની પરફેકટ ગીફટ છે કેમકે તે દુલર્ભ અને અમુલ્ય છે. ખુબ જ સુંદર અને શુદ્ધ પ્લેટીનમ જ્વેલરી દરેક સમયને અનુરુપ છે. તમે અદભુત ડીઝાઈન વાળા પ્લેટીનમ ના ઈયરીંગ્સ, અને બેન્ગલ સ્ત્રીઓ માટે ખરીદી શકો,

જયારે પુરુષો ના કલેકશનમાં બોલ્ડ, અન્ડરસ્ટેટેડ અને કલાસીલ ડીઝાઈનના પ્લેટીનમ બ્રેસલેટ, અને ચેનનો સમાવેશ છે. ગોલ્ડ કરતા ૩૦ ગણી દુલર્ભ , પ્લેટીનમ વ્યકિતત્વ ને રજુ કરે છે કે જેમને જ્વેલરીમાં હાઈએસ્ટ ગુણવત્તા જોઈએ છીએ. પ્લેટીનમ ૯૫% શુદ્ધ છે. પ્લેટીનમ જ્વેલરી ૧૫૦૦૦ થી શરુ થાય છે, જે સાઈઝ , મેટલના વજન, નંબર અને ડાયમન્ડની ગુણવત્તા પર આધારીત છે.

મહેશે નરેશને પુછ્યું, તારો પગ કઈ રીતે ભાંગ્યો ?

નરેશ બોલ્યો, હાઈવે પર સરકારે છેલ્લા ચાર વર્ષમાં કેટલા એકસીડેન્ટ થયા એનું બોર્ડ મુકયું છે. ચાલુ સ્કૂટરે એ વાંચતો હતો એમાં કાર સાથે અથડાઈ ગયો.

૦૦૦

ભાણો : રાણા મારા બાપે બનાસ ડેરીમાં ટેટીનું વાવેતર કર્યું છે તેના તાંતણા સિદ્ધમાં ગયા હતા ને મણ મણની ટેટી આવેલી.

રાણો : ભાણા તે બીજ મારા બાપે આપેલું તેના પૈસા લેવાના બાકી છે. હવે આપો તો સારૂં કહેવાય.

૦૦૦

ખેડૂત મજુરને મુલે (મજુરીએ) આવવું છે ?

મજુર : હા..

ખેડૂત મજુરને તેના કરાર (ડુંગરાળ) ખેતરમાં લઈ ગયો ને ઘણા પથ્થર વીણાવીને ઢગલા કરાવ્યા ને ભેગા કર્યા.

મજુર : કાકા (પાણા)પથરાની ખેતી કરતાં મકાઈની ખેતી કરતાં તમને શું નડે છે ?

૦૦૦

ડૉ.દર્દીને તમને ગરમીનો રોગ થયો છે. તમારે ઈંજેકશન અને ગોળીયું લેવી પડશે.

દર્દીઃ ગોળી ઘેર પડી છે..

ડૉ. શેની ગોળીઘેર પડી છે ?

દર્દી : સાહેબ છાશ કેરવાની..

૦૦

## મધુવન

**'હૃદયનો રોગ છે આ, અન્યને રસ હોય શું એમાં ?**
**તમે આવો તો હું તમને બતાવી દઉં દવા મારી'**

સ્વ.બરકતઅલી ગુલામહુસેન વિરાણી 'બેફામ' ના આ શે'ર માં હૃદયના રોગની વાત થૈ છે. હૃદયરોગની નહીં, પ્રેમની વાત છે જેને પ્રેમ નામનો રોગ થાય છે એને મીઠી મુંઝવણ થયા કરે છે. કશે મન લાગતું નથી સતત બેચેન જણાય છે. બધી બિમારીઓનાં સામટાં સરેરાશ લક્ષણો એમાં જોવા મળે છે પણ કોઈ હકીમ એની નસ પારખી શકતો નથી. કોઈ વૈદ પાસે એની દવા નથી અને આવા રોગમાં કોઈ સારસંભાળ રાખવાવાળું પણ હોતું નથી. આથી શાયર જેનાથી પ્રેમ થયો છે એવા પ્રીયજનને કહે છે કે તું પધારે તો તને કહું કે મને શું થાય છે બસ મારા આ દર્દની દવા તું જ છે.

**'હરદમ તને જ યાદ કરૂં એ દશા મળે,**
**એવું દર્દ ન આપ કે જેની દવા મળે'**

ગઝલસમ્રાટ સ્વ.'શુન્ય પાલનપુરી' સાહેબના આ શે'ર માં દર્દની માંગણી છે. એવા દર્દની જે માણસને સાચા અર્થમાં જીવાડે છે, સાચવે છે, સંભાળે છે જેની દવા કોઈ જગ્યાએથી મળી જાય અને દર્દ મટી જાય એવું દર્દ શાયર નથી માગતા. શાયર ઈચ્છે છે કે બસ તને હરદમ હરપળ છેલ્લા શ્વાસ સુધી યાદ કરૂં એવું એક દર્દ આપી દે.

**'પ્રેમમિશ્રીત ઝેર પણ દે તોય મારી ના નથી,**
**એ દવા ન આપ જેમાં પ્રેમની માત્રા નથી'**

સ્વ.અમૃત ઘાયલના આ શે'ર માં પ્રેમની માંગ છે. પ્રેમ મિશ્રીત વિષને પણ ગટગટાવવાની જેની તૈયારી છે ઝેર પણ આપો તો પ્રેમથી આપો. પ્રેમ નામનું રસાયણ ભેળવીને આપો શાયરના દર્દની એક જ દવા એ છે પ્રેમ. બીજી કોઈ ઔષધિઓથી એમનો ઉપચાર થવાનો નથી. આથી તેઓ સાફ મના કરે છે કે એવી કોઈ દવા ન આપો જેમાં પ્રેમ ન હોય કે જરા જેટલી પણ પ્રેમની માત્રા ન હોય.

**'રોગ આમેય કયાં હતો કોઈ**
**આપ આપો છો તે દવા આપો'**

ગઝલકાર સ્વ.આદિલ મન્સુરી પોતાના પ્રિયજન સમક્ષ દવાની માંગણી કરતાં કહે છે કે મને બીજી કોઈ બિમારી જ નહોતી. આ તો આપની ગેરહાજરીથી મન બેચેન હતું. કયાંય કશું ગમતું જ નહોતું બસ હવે આપ પધાર્યા છો તો આપ જે દવા આપતા હતા એ સ્નેહરૂપી સહવાસ એ સુમધુર સ્મિત એ જ અમારી માંદગીની અકસીર દવા છે. બસ સવાર સાંજ બે ટાઈમ આપના દર્શનરૂપી દવાના અમી ઘુંટડા આપતા રહો.

**'કોને કહું કે આ રીતે જીવી જવાય છે,**
**જે દર્દ હોય તે વળી પોતે દવાય છે'**

રતિલાલ 'અનિલ'ના આ શે'ર માં દર્દને દવા બંનેને એક ગણવામાં આવ્યા છે. પ્રેમનું દર્દ માણસ સહન કરી શકતો નથી તો પ્રેમ વિના માણસ બરાબર જીવી શકતો નથી. કોઈ આપણી રાહ જુએ છે કોઈ આપણને પ્રેમ કરે છે કોઈ આપણા અવાજને ઝંખે છે, કોઈ આપણા દર્શનથી રાજી થાય છે, કોઈની આંખો આપણા દર્શનની પ્યાસી છે. આ આશ્વાસન માણસને જીવાડી દે છે. આવો પ્રેમ પોતે પણ દર્દ પણ છે અને એ પોતે જ પોતાની દવા પણ છે.

**'તું એ તબીબ માફ કરે તો કહી દઉં**
**હાલત વધુ ખરાબ થઈ છે દવા પછી'**

ઉસ્માનમુરાદ મહંમદ બલોચ 'બરબાદ' જુનાગઢીના આ શે'ર માં તબીબની સારવારથી હાલત વધારે કફોડી બની હોવાની વાત વ્યકત થઈ છે. શ્વાસે શ્વાસમાં સમગ્ર દેહમાં, દીલમાં, નસેનસમાં વ્યાપેલો હોવા છતાં પ્રેમનો રોગ શોધી શકે એવાં સાધનો હજી શોધાયા નથી. અંતે જોઈએ આદમ મુસા પટેલ 'અદમ' ટંકારવીનો આ શે'ર.

**કેવળ દવાથી રોગ અમારો નહીં મટે,**
**સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## રાજાનો ન્યાય

ઘણાવરસો જુની વાત છે. કરણપુર નામના રાજયમાં કરણસેન નામનો રાજા રાજ કરતો હતો. રાજા ખુબ જ ન્યાયી, બુધ્ધિમાન, નિડર અને સાહસિક હતો. પ્રજા પણ રાજાથી ખુશ હતી. કારણ કે રાજા તરફથી એમને કોઈ તકલીફ પડતી નહોતી.

એક વાર રાજા પોતાના સૈનિકોની સાથે જંગલમાં શિકાર કરવાને માટે ગયા. જંગલમાં પહોંચ્યા બાદ તેઓને ઘણા લાંબા સમય સુધી શિકારની પ્રતિક્ષા કરી રહ્યા હતા પરંતુકોઈ જ શિકાર હાથ ના લાગ્યો. સાંજ પડવા આવી છતાંય કોઈ શિકાર ના મળ્યો. છેવટે રાજાએ કહ્યું, 'ચાલો પાછા જઈએ..' મહેલમાં રાજકુમાર રાહ જોઈ રહ્યા હશે.. રાજા અને સૈનિકો પાછા મહેલમાં ફર્યા. બીજા દિવસે સવારે રાજાની આંખ ઉઘડી ત્યારે તેમણે શોરબકોર સાંભળ્યો તેમણે સેવકને બોલાવીને પુછ્યું, આ શોરબકોર શેનો થઈ રહ્યો છે ?'રાજાએ જોયું તો દરવાજાની બહાર માણસોનું એક ટોળું ઉભું હતું એમાંથી એક વ્યક્તિ બોલ્યો, મહારાજ તમારા દરબારીઓ અમને અંદર આવવા દેતા નથી. રાજાએ આદેશ કર્યો કે, આવવા દો એ લોકોને અંદર..

બધા અંદર આવી ગયા બાદ એક વ્યક્તિ બોલ્યો, 'મહારાજ આ વ્યક્તિએ મારી પાસેથી છસ્સો રૂપિયા લીધા છે અને તે મને મુળ રકમ પાછી આપે છે વ્યાજ આપતો નથી.

બીજો માણસ રડતાં રડતાં બોલ્યો, મહારાજ આ માણસ જુઠું બોલી રહ્યો છે. મેં એની પાસેથી વ્યાજે પૈસા નથી લીધા..

રાજાએ પ્રથમ માણસને પુછ્યું, શું આ સાચું છે કે તે એને વ્યાજે પૈસા આપ્યા છે કે નહીં ?

પ્રથમ વ્યક્તિ બોલ્યો, મહારાજ મેં એને છસ્સો રૂપિયા આપ્યા ત્યારે તેણેમને કહ્યું હતું કે, હું તને મુડી સાથે વ્યાજ પણ આપીશ. મેં તો એને કાંઈપણ કહ્યું જ નથી.

ત્યાં જ બીજો માણસ બોલ્યો, મહારાજ આ માણસ જુઠું બોલે છે. હું તો આવું કાંઈ બોલ્યો જ નથી..'

આમ બંને વચ્ચે પોત પોતાની વાત પર મક્કમ રહ્યા. રાજા તો મુંઝાયો. તે કાંઈપણ નિર્ણય ના કરી શકયો. અંતે મંત્રીને બોલાવીને કહ્યું કે જાવ બે તલવાર લઈને આવો.

થોડીવારમાં મંત્રી તલવાર લઈને આવ્યો. તલવાર જોતાં જ પેલી બે વ્યક્તિઓના હોશ ઉડી ગયા. બંનેના ચહેરા પર ભય જોતાં રાજા બોલ્યા, તમે બંને જણા બપોરના ૧૨ વાગે રાજદરબારમાં આવજો..બંને જણાના ગયા બાદ રાજા વિચારમાં પડી ગયો. અંતે એને એક ઉપાય જડયો.. એણે મંત્રીને બોલાવીને કહ્યું કે જાઓ કોઈ સુગંધ લઈને આવો.. મંત્રી તેજ સુગંધ લઈને આવ્યો. રાજાએ બંને તલવાર પર તે સુગંધ લગાવી દીધી અને પછી તે તલવારને મ્યાનમાં બંધ કરી દીધી.

બપોરના ૧૨ વાગે જ્યારે પેલી બે વ્યક્તિઓ આવી ત્યારે રાજાએ કહ્યું, આ બંને તલવારમાંથી તમે બંને જણા એક એક તલવાર લઈ લો અને કાલે સવારે તે લઈને રાજદરબારમાં હાજર થવાનું છે. .જે જુઠું બોલશે તેની તલવારમાંથી સુગંધ આવશે પરંતુ જે ઈમાનદાર હશે તેની તલવાર ચોખ્ખી અને સ્વચ્છ હશે. તમારે બંનેએ તલવારને મ્યાનમાંથી કાઢવાની નથી. બંને જણા તલવાર લઈને જતા રહ્યા.

બીજા દિવસે પેલી બે વ્યક્તિઓ પોત પોતાની તલવાર લઈને રાજદરબારમાં હાજર થઈ. રાજાએ બંને જણાને પોતપોતાની તલવાર મ્યાનમાંથી કાઢવાની કહી. બંને જણાએ પોતપોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી તો એક વ્યક્તિની તલવારમાંથી ગંધ પ્રસરી અને બીજાની તલવારમાંથી ગંધ જોવા ના મળી.

રાજાએ પેલી વ્યક્તિને જેની તલવારમાંથી ગંધ પ્રસરી નહોતી તેને કહ્યું કે, તું જુઠું બોલી રહ્યો છે.. પેલી વ્યક્તિ ડરના માર્યા બોલી.. મહારાજ મને માફ કરી દો... પરંતુ રાજાએ તેને બે વરસની કેદની સજા અને રૂા.૫૦૦ નો દંડ ફટકાર્યો.

જુઠું બોલનાર વ્યક્તિએ મ્યાન ખોલીને તલવાર પરની સુગંધ મીટાવી દીધી હતી. તેથી તેનું જુઠ પકડાઈ ગયું હતું.

**-કમલેશ કંસારા**

## સોબત

સુંદરવનમાં ગલબો શિયાળ નવો જ રહેવા આવેલો. સૌ પશુ-પક્ષીઓ જાણતાં હતાં કે, તેને નંદનવનના રાજા શેરસિંહે કોઈ કારણ સર નંદનવન છોડી ચાલ્યા જવાનો હુકમ કરેલો. તેથી જ તે નંદનવન છોડી સુંદરવનમાં આવી રહેવા લાગ્યો.

અહીં આવ્યા પછી પણ સુંદરવનના રાજા શામસિંહે પણ ગલબા શિયાળને ચેતવણી આપી દીધેલી,''અહીં રહેવું હોય તો સુંદરવનના નિયમોનું પાલન કરવું પડશે. અહીં સૌની સાથે હળીમળીને રહેવું પડશે. કોઈ તારાથી નિર્બળ પ્રાણી હોય તો તેનો શિકાર તું નહી કરી શકે. તેમજ જો કોઈ પ્રાણીને તું રંજાડશે તો તને અહીંના નિયમ પ્રમાણે આકરી સજા કરવામાં આવશે.''

આ સાંભળી પ્રથમ તો ગલબો ગભરાયો પરંતુ પછી બોલ્યો,''જુઓ વનરાજ હું તમને શું કહું? મારામાં પૂરેપુરી સજ્જનતા રહેલી છે. કયારેય કોઈનેય પરેશાન કરવાની મારી ભાવના નથી. આ તો સાવ ખોટી રીતે જ મને નંદનવનના રાજાએ પોતાના રાજયમાંથી કાઢી મુકયો છે. તમે પણ મારા જેવા નિર્બળ નાના જીવ ઉપર દયા ભાવ રાખો તો ય ઘણું. ''ગલબાએ દયામણું મોઢું કરી વનરાજ શામસિંહ સામે જોયું. ગલબા શિયાળના દયામણા ચહેરાને જોઈ વનરાજ શામસિંહને પણ દયા આવી ગઈ. તેને એવું લાગ્યું કે, જરૂર નંદનવનના રાજા શેરસિંહે પણ આ નાના જીવ ગલબા શિયાળ પ્રત્યે અન્યાય કર્યો છે. તેથી તેણે ગલબા શિયાળને કહ્યું,''તારે સુંદરવનમાં રહેવું હોય તો તને છુટ છે અહીં તને કોઈ પણ જાતનો અન્યાય નહિ થાય તેની ખાત્રી રાખજે.''

આ સાંભળી ગલબાને નિરાંત થઈ. પછી તો સુંદરવનમાં તેણે પોતાની લીલા ફેલાવવાની શરૂ કરી દીધી. તે બીજા પશુઓને પોતાના મિત્ર બનાવવા તત્પર બન્યો. પરંતુ મોટાભાગના પશુઓએ શિયાળથી ગલબા શિયાળથી દુર રહેવાનું વધુ પસંદ કરેલું. પરંતુ કારૂ વરસ ગલબા શિયાળની દોસ્તીની જાળમાં ગસાઈ ગયો.

ધીરે ધીરે ગલબા શિયાળ સાથેની કારૂ વરૂની દોસ્તીમાં રંગ આવવા લાગ્યો. ગલબા શિયાળે એવી ખૂબી કરી કે કારૂ વરૂને ગલબા શિયાળ વિના એક પળ પણ ચાલતું ન હતું. આ બંને સાથે ને સાથે રહેવા ફરવાં લાગ્યાં. મોન્ટુ વાંદરો આ બધું જોઈ વિચારવા લાગ્યો, ''ગલબા શિયાળ સાથેની કારૂ વરૂની દોસ્તીનું કોઈ ખરાબ પરિણામ ન આવે તો સારૂં?'' કારણકે કારૂ વરૂ મોન્ટુનું ખાસ મિત્ર હતું. પરંતુ જયારેથી તેને ગલબા શિયાળની મિત્રતાનો રંગ લાગ્યો હતો ત્યારથી તે મોન્ટુ વાંદરાથી દુર થતો ગયો ત્યારથી તે મોન્ટુ વાંદરાથી દુર થતો ગયો હતો. તેથી ખુદ મોન્ટુ વાંદરાને બે વાતનું દુખ હતું, એક તો કારૂ વરૂ સાથેની તેની દોસ્તી ઘટી ગઈ. વધુ દુખ એ વાતનું થયેલું કે, ગલબા શિયાળ લુચ્ચો હોય તેવું લાગતું હોવા છતાં પણ કારૂ વરૂ વધુને વધુ નિકટ જઈ રહયું હતું.

ઘણા સમય પછી એકવાર કારૂ વરૂને એકલું જોઈ મોન્ટુ વાંદરો ખુશખુશાલ થઈ તેની નજીક પહોંચ્યો. પછી તેને કહ્યું, ''દોસ્ત કારૂ તું તો ખુબ જ સમજું છું. આપણે બંને ખાસ મિત્ર છીએ એ તું જાણે છે. એક મિત્ર તરીકે મારે તને સલાહ આપવાની છે.''

''જો ભાઈ, તું મને સલાહ આપવાનું રહેવા દે તો વધુ સારૂ રહેશે. વળી તું જ કહે છે કે હું સમજું છું. તો પછી મને તારી સલાહની શી જરૂર'' મોઢું બગાડતાં કારૂ વરૂ બોલી ઉઠયો.

મોન્ટુ વાંદરો બોલ્યો, ''એક મિત્ર તરીકે તોય હું મારી ફરજ બજાવવાનું ચુકીશ નહિ.''

''પરંતુ હવે હું તને મારો મિત્ર પણ નથી માનતો તો પછી એક મિત્ર તરીકેની સલાહ આપવા માટે શાને માટે આગ્રહ કરી રહયો છે.'' કારૂ વરૂ બોલ્યો.

''તું સાંભળે કે ન સાંભળે પણ હું કહીને જ કહીને જ રહીશ. તું ગલબા શિયાળને રવાડે ચડયો છે તે ખોટું છે. તેનું ખૂબ જ ખરાબ પરિણામ તારે ભોગવવું પડશે. માટે હું તને ચેતવી રહયો છું કે, તેની સંગત છોડી દે. ખરાબ મિત્રોની સંગત હંમેશા દુખદાયી હોય છે. ગલબા શિયાળથી બધા જ પ્રાણીઓ દુર રહેવાની કોશિશ કરે છે. તેનામાં કેટલાક અવગુણ છે તે અવગુણ થકી જ તેને નંદનવનમાંથી કાઢી મૂકવામાં આવેલો છે. એ વાતને સૌ સારી રીતે જાણે છે. છતાં તું તેની સાથે ગાઢ મિત્રતા કેળવી રહયો છે. તેનું મને આશ્ચર્ય થાય છે!''

''હું સારી રીતે જાણી ગયો છું. હું ને ગલબો ગાઢ મિત્ર છીએ તે તને કે સુંદરવનના કોઈ પણ પ્રાણીઓને ગમતું નથી. તેથી જ તું મને આમ કહી રહયો છે.'' ગુસ્સા સાથે કારૂ વરૂ બોલ્યો, ''ગમે તે થાય હું ગલબા શિયાળ સાથેની મારી મિત્રતા નહિ જ તોડું'' આમ કહીને કારૂ વરૂ ત્યાંથી ચાલ્યું ગયું.

મોન્ટુ વાંદરો કારૂ વરૂનું વર્તન જોઈ ડ્યાઈ ગયો. તેને થયું, પોતે કારૂ વરૂને કશું જ કહેવાની જરૂર ન હતી. પાસેના ઝાડ ઉપર બેઠેલી મીઠી પોપટ-ીએ આ દશ્ય જોયું. તેણે મોન્ટુ વાંદરાને કહ્યું, ''મોન્ટુ તારે કશું જ કહેવાની જરૂર ન હતી. એ જયારે ઠોકર લાગશે ત્યારે જ સુધરશે.'' મોન્ટુ બોલ્યો, '' મને પણ એમ જ લાગે છે.''

આ વાતને કેટલાક દિવસો વિતી ગયા છે. એક દિવસ ગલબો શિયાળ અને કારૂ વરૂ ફરવા નિકળ્યાં હતા. ત્યાં અચાનક સોનું હરણને તેમણે એક નિર્જન વિસ્તારમાં જોયું. ગલબા શિયાળે આસપાસ જોયું તો ત્યાં તો કોઈ અન્ય પશુ પક્ષીઓ દેખાતાં ન હતાં.

ગલબા શિયાળે એકલા હરણને જોયું એટલે તેની દાઢ સળવળવા લાગી. તેણે હળવેકથી કરયું, '' દોસ્ત ઘણા દિવસથી કોઈ શિકાર નથી કર્યો. આજે આ સોનું હરણ માંડ હાથમાં આવ્યું છે. ચાલને એનો આપણે બંને સાથે મળીને શિકાર કરી નાખીએ.''

''તું સારી રીતે જાણે છે કે. સુંદરવનનો નિયમ છે કે કોઈ નિર્બળ પ્રાણીનો શિકાર ન કરવો.'' ''હું બધું જ જાણું છું. તેથી જ તને કહી રહયો છું. અહીં દુર સુધી કોઈ પશુ પક્ષીઓ દેખાતાં નથી. તેથી આ હરણનો શિકાર કરી આપણે બંને તેની મિજબાની ઉડાવરું તો કોઈનેય ખબર પણ નહિ પડે.'' હોંશે હોંશે ગલબો બોલ્યો.

(ક્રમશઃ)

**દેવેન વ્યાસ (અંજાર)**

## અજગર અને મગર

એક વાર એક મોટો અજગર વરખાડાના ઝાડ નીચે બેઠો હતો. અજગર ટુંટીયું વાળીને પડયો રહેતો હતો. આ એક લક્ષણ અજગરના સ્વભાવમાં કાયમી હોય છે. એ ખુબ આળસુ સરીસૃપ વર્ગનું પ્રાણી ગણાય છે. તમામ પ્રાણીઓમાં એ આગળનો સરદાર ગણાય છે. આ આળસુ કયારેક શુભ નુકશાન પણ અજગરને કરતી હોય છે.આળસુના પીર જેવું સંબોધન અજગરને મળતું હોય છે.

અજગર એટલે વધારે ભુખ પણ વેઠી શકે છે.

વરખડાના ઝાડની નીચે એક નાનકડું તળાવ હતું. તળાવ દર વરસે ચોમાસાની ઋતુમાં સંપૂર્ણ રીતે ભરેલું જોવા મળે. તળાવમાં મગરમચ્છ, માછલીઓ, દેડકો અને બીજા કેટલાક જળચર જીવો રહેતા હોય છે. આ તળાવમાં એક મગર રહેતો હતો. એ મગર તળાવકાંઠે આવનાર નાના મોટા અનેક જીવોનો સંહાર કરતો. કયારેક કબુતર, હોલો, ચકલાં તેમજ નાના મોટા છોકરાંનો પણ સંહાર કરતો.

અજગરને આ તળાવમાં મગર સાથે એક વાર મૈત્રી બંધાઈ ગઈ. અજગર મગરને ખુબ પ્રેમ કરી બોલે મગર પણ અજગરને જુએ ત્યારે પુંછડી જોરથી પટપટાવે. આમ મગર અને અજગરની જોડી એક અજબ જોડી હતી.

મગરને પકડવા એકવાર શિકારીએ પાણીમાં જાળ નાખી. પાણીમાં પડેલી જાળમાં મગર ફસાઈ ગયો. પેલો શિકારીએ જાળ તાણીને મગરને બહાર લાવ્યો. ત્યાં એ ઘુરકીયાં કરવા લાગ્યો.. આ બનાવની ખબર અજગરને મળી ત્યારે અજગર વરખડાના વૃક્ષ પરથી નીચે આવ્યો. પેલા પારધીને પગે એક બચકું ભરી એ ચાલી નીકળ્યો.. અજગરની પીડાથી મગરની જાળવાળો પારધી ચક્કર આવતાં નીચે પડયો..

આ બધી વાર્તા પેલા અજગરે જોઈ. મગરની ઝાળના બે ત્રણ મોટાં કાણાં પાડી દીધાં.. મગર બહાર આવી પેલી પુંછડી પટપટાવી અજગર ખુશ થઈ ગયો. આવી હતી બંનેની મિત્રતા. અજગર મગરનો જીગરજાન દોસ્ત બની ગયો..

**હંસામૃતવાલમીયા**
**અમદાવાદ**

## સમજદાર દિકરી

કનુ નામે એક ખેડૂત હતો. થોડી અમથી વારસામાં મળેલી જમીનમાં રાત-દિવસ તનતોડ મહેનત કરી પાક પકવે, નિધી એની દિકરી. નિધિને જન્મ આપીને જ એની મા મૃત્યુ પામી હતી. બસ ત્યારથી કનુ જ નિધિની મા ગણો તો મા અને બાપ. કદાચ નિધિએ મા કેવી હોય એની તો કલ્પના જ નહી હોય ! દિકરીને તે વળી ઉછરવું વાર શી ? કનુ દ્વારા લાલન પાલનથી દિકરીનો ઉછેર કરતો પોતાના ખેતી-કામ સાથે તે દિકરી નિધિને ઘરકામ પણ શીખવતો. કનુએ દિકરી નિધિને શાળામાં ભણવા પણ મુકી અને શિક્ષણ પણ અપાવ્યું.

દિવસો જાયને નિધિ મોટી થતી ગઈ. સાથે નિધિના પિતાની ઉંમર વધવાથી કામનો થાક હવે તેમના શરીર પર વર્તાવા લાગ્યો. કનુ પોતાની દિકરીને કહેતો, 'બેટી નિધિ મારે તને ખુબ ભણાવવી છે. બોલ તું મોટો થઈને શું બનીશ.' દિકરી નિધિ તુરત જ જવાબ આપતી 'પિતાજી, હું તમારી મહેનત પાણીમાં નહીં જવા દઉં ભણી ગણીને હું શિક્ષિકા બનીશ.' પોતાની લાડકી દિકરીનો આવો આત્મવિશ્વાસ ભર્યો જવાબ સાંભળી કનુની આંખોના ખુણા પાણીથી ભરાઈ જતા. નિધિ પોતાના પિતાજીના સ્વપ્નને સાકાર કરવા ખુબ મહેનત કરતી. પોતાના પિતાજી અને ઘરની કાળજી લેવાની સાથે એ ભણવામાં પણ પુરતું ધ્યાન આપે છે. જોગાનુજોગ તેને પોતાના જ ગામમાં શિક્ષિકા તરીકે નોકરી મળી જાય છે. પછી કન્યા શિક્ષણ અને સ્ત્રીઓના ઉત્થાન માટે સતત પ્રયત્નો કરવા એ નિધિએ પોતાના જીવન લક્ષ બનાવી લીધું. પુરી લગન અને આત્મવિશ્વાસથી નિધિ આ માટે કામ પણ કરવા લાગી. નિધિએ પોતાના જીવનમાં બાળપણથી જ જીવનના ચઢાવ-ઉતાર જોયા હતા. શિક્ષક બનતાં જ નિધિએ સ્વચ્છતા, સફાઈ, સાક્ષરતા, અંધશ્રધ્ધા, અસ્પૃશ્યતા, કન્યા શિક્ષણ, સ્ત્રીસશક્તિકરણ જેવા અનેક સમાજ સુધારણાના કાર્યો કર્યા.

જો સમાજનો દરેક પિતા કનુ બને અને સમાજની દરેક નિધિ બને તો સમાજોત્કર્ષ દુર નથી. દોસ્તો નિધિના જીવનમાંથી આપણે પણ બોધ લઈએ અને સમાજની અપેક્ષાઓ પુરી કરીએ. ચાલો આપ સૌને નિધિની સફળતા માટે અત્યારથી જ શુભેચ્છા સાથે અભિનંદન

**ઠાકોર સુડાજી સોનાજી**
**મું.પો.સુરાણા, તા.દિયોદર**

## લીલા રંગનો નાગ

લીલા રંગનો એક નાગ હતો. જોતાં જ બીક લાગી ભાગી જવાનું મન થાય. જો ભુલેચકે એક ડંખ મારે તો પાણી પણ ન માગી શકાય. આ લીલો નાગ ગમે ત્યાં દેખાતો. એક દિવસ સાંજવેળાએ ફરતો ફરતો એક સાધુના આશ્રમ આગળ આવ્યો. એણે દુરથી જોયુ તો લીમડાના ઝાડની નીચેની બેઠક પર લાંબી જટા અને દાઢીવાળા એક સાધુ હાથ લાંબા કરીને સામે બેઠેલા લોકોને ઉપદેશ આપી રહ્યા હતા. નાગને થયું. લાવ હું પણ ત્યાં જઉ અને એ પછી એતો લપાતો છુપાતો છેક નજીક ગયો અને એક પથ્થરની આડમાં બેસી ગયો. સાધુ જે કહેતા હતા એ સાંભળવા લાગ્યો. જોકે એ વખતે પથ્થરની આડમાં બરાબર સંતાઈને બેઠો હતો. એને પાકી ખબર હતી કે જો બહાર ડોકાઈશ તો લોકો મારો ઘોયલો ધોઈ નાખશે આજે ઝાઝા લોકો છે. એકલ દોકલ હોય તો ડરે પણ આતો સંખ્યા બંધ છે એટલે...

સાધુ કહેતા હતા.

કોઈ માણસને કારણ વગર સતાવવો હેરાન કરવો નહી તમારાથી કોઈ નાની કે મોટી ભૂલ થઈ જાય તો ક્ષમા માગવી જોઈએ. સાચુ બોલવું, પ્રેમ રાખવો, ગુસ્સો ન કરવો, હળીમળીને રહેવું, સાધુ બોલતા હતા નાગને થયુ. ઓહો... આટલું બધુ માણસોએ કરવાનું... એ મુજબ રહેવાનું..

ત્યાં તો સાંજના સાડાપાંચ થયા સભામાં આવેલા માણસોને જાણે જવાનો સમય થઈ ગયો. એક એક કરીને ઉઠવા માંડ્યા, જવા લાગ્યા. જતા જતા પાછા પગે લાગતા હતા. પોતાની પાસે લાવેલી વસ્તુઓ, પૈસા સાધુ આગળ મુકતા હતા. બીજી તરફ સૂર્ય ઢળવા લાગ્યો હતો. પડછાયા ત્રાંસા બનવા લાગ્યા હતા. જોત જોતામાં બધુ ખાલી થઈ ગયું. ઓટલા પર સાધુ એકલા હતા. તેઓ ઉઠવાની એમના ઓરડામાં જવાની તૈયારીમાં હતા. ત્યાં તો પથ્થરની બહાર લીલો નાગ નીકળ્યો. અને સીધો સાધુ જે ઓટલા ઉપર બેઠા હતા એમની સામે ઝુમવા લાગ્યો. આ તરફ લીલા નાગને જોતાજ સાધુ ભડકી ગયા-ડરી ગયા. નાગને ભગાડવાને માટે છીટ છીટ કર્યું. પણ નાગ કહે 'મારાથી જરાય ડરશો નહી, મારી બીક રાખશો નહી હું તમને ડંખ મારવાનો નથી કે નથી પાછળ પડવાનો'

'તો ?' સાધુએ સવાલ કર્યો.

'મને કંઈક શિખામણ આપો'

સાધુએ જાત જાતની શિખામણો આપી એમાં એક શિખામણ ખાસ હતી કે તારે કોઈને ડંખવુ નહી...

બધાથી દુર જ રહેવું.

સાધુની શિખામણોમાં કોઈને ડંખવું નહી એ શિખામણનું ચુસ્ત પાલન કરવા કહ્યું.

'જી મહારાજ' નાગે કહ્યુ અને એ ત્યાંથી નીકળી ગયો. સાધુને રાહત થઈ.

એ વાતને એકાદ અઠવાડીયું પસાર થયું આ સપ્તાહ દરમિયાન નાગે કોઈને ડંખ ના દીધો. એથી એને થયુ આવુ તે કોઈ હોતું હશે. મારે કોઈક નેતો ડંખ મારવો જોઈએ. એવું નક્કી કરતાં.. લીલા નાગે સોનું સસલાના બચ્ચાને ડંખ માર્યો. જે ઘાસમાં રમતુ હતુ ત્યાં લીંલો નાગ સંતાઈ ગયો અને ડંખ મારી દીધો. જેવો ડંખ માર્યો અને બચ્ચુ મરી ગયું. સોનુ સસલાને જાણ થઈ એની પત્નીને જાણ થઈ. કુદકા ભરતા આવ્યા. ખબર પડી કે લીલા નાગે ડંખ દેતા બચ્ચુ મરી ગયુ છે. એ સાથે સોનુ સસલાએ બધા સસલાને ભેગા કરીને પોતાના પુત્રનું મૃત્યુ લીલા નાગના ડંખથી થયુ હોવાનું જણાવ્યુ.

બીજા સસલા ગુસ્સે ભરાયા કોઈ કહે એ લીલુડાને કોઈ ઉપર ચડીને તાણીને નીચે લાવો. બીજો કહે એને હવામાં ફેરવી ફેરવીને પટકો. ત્રીજો કહે ચપ્પાથી નાના-નાના ટુકડા કરો. એકે વળી નીચે આગ લગાવવાનું કહ્યું. અને એ સાથે લીલો નાગ જે ઝાડ પર જઈ બેઠો હતો એની નીચે આગ લગાવવાનું નક્કી કર્યું.

દસ બાર સસલા ગામમાં ગયા પટેલના ત્યાંથી જુવારના સુકા સાંઠાની સો ભારીઓ લઈ આવ્યા. બીજાએ વળી પૂળાને ઝાડ નીચે ગોઠવી દીધા. બસ હવે ભડકો કરે એટલી વાર હતી. ત્યાં તો સસલા પૈકીનો એક કહે. એ સાપડો ક્યા જવાનો છે. ભડકાની જવાળાઓ જશે એટલે દાઝશે. અને નીચે આગમાં પડશે એટલે ખબર પડશે કોઈની હત્યા કેમ થાય છે.

આ બધી ભાંજગડમાં સાંજ થવા લાગી. હવે જે ઝાડ પર પંખીઓના માળા હતા એ બધા પાછા આવ્યા એમણે જાણ્યુ કે એક નાગને મારવા માટે અમારા ઘર સળગશે પછી અમે જઈશું ક્યાં ?

ત્યારે લીલો નાગ ઝાડની ટોચ પર હતો અને પંખીઓ બધા એકઠા થઈને સસલા પાસે આવ્યા. સસલાની સાથે પ્રેમથી વાત કરી. સોનું આગળ આવીને કહે તમારી સાથે અમારે કોઈ દુશ્મનાવટ નથી. પણ પેલો લીલો નાગ મારા પુત્રની હત્યા કરી ગયો છે એને સજા મળવી જોઈએ.

પછી કોણ જાણે કેમ સોનુંને શબ્દો યાદ આવ્યા વેર રાખવાથી શું વળશે ? નાગે એની ખોટી નીતી આચરી પણ આપણે શા માટે ફએક નાગ ખાતર બીજાના ઘર બાળી મુકવા. અને સોનું સાથે બીજા સસલા પાછા વળ્યા. પેલા નાગને પસ્તાવો થયો. છેક ઉપરથી નીચે પડતું મુક્યુ સુકો સાંઠો એના શરીરમાં પેસી ગયો અને એ અકાળ મૃત્યુ પામ્યો.

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**(અમદાવાદ)**

## બનાસકાંઠાની...

પાના નં .૧ ચાલુ

બનાસકાંઠામા મેડીકલ કોલેજ લાવીશુ તેવુ કહેનારા અનેક નેતાઓ હશે. પરંતુ, આ માટે કમર કસીને બરાબર મહેનત કરીને ટુંકા ગાળામા બનાસવાસીઓનુ સ્વપ્ન સાકાર કર્યુ છે, તો તે એકમાત્ર શંકરભાઈ એ કર્યુ છે. તમે તેમનો વ્યકિતગત કે રાજકીય વિરોધ ગમે એટલો કરો પણ આ માણસ એ કરેલા પ્રજાહિતના કામનો તમારે આજે નહી તો કાલે સ્વીકારવા જ પડશે.

બનાસકાંઠા જીલ્લાની જીવાદોરી અને જીલ્લાના લાખો પશુપાલકોની આસ્થાનુ કેંદ્રને તમે કેવી રીતે ખાનગી સંસ્થા કહી શકો. તમે જેને તમારા સ્વાર્થ માટે ખાનગી સંસ્થા કહી રહ્યા છો તે બનાસ ડેરીના કારણે જ વિકટ પરિસ્થિતીમા પણ પ્રજાને જીવવા માટેનો સહારો મળ્યો છે. હીરામા, બટાકામા મંદી હોય કે પુર જેવી કુદરતી હોનારત હોય તો પણ આપણા એક પણ બનાસવાસીને આત્મહત્યા કરવાની જરૂર ન પડી હોય તો તેનુ કારણ માત્ર ને માત્ર બનાસ ડેરી છે. આદરણીય ગલબાકાકાએ ખેડુતોના હિત માટે શરૂ કરેલી ડેરી જીલ્લાના અગણિત ખેડુતો-પશુપાલકોના સતત પ્રયત્નોથી આજે એશિયામા નંબર એક બની છે. જિલ્લાને ગર્વ છે કે બનાસ ડેરી હવે ખેડુત-પશુપાલકની સાથે જીલ્લાના સામાન્ય માણસના સ્વાસ્થ્યની પણ ચિંતા કરશે. હવે જિલ્લાના બાળકો ઘર આંગણે મેડીકલનો અભ્યાસ પણ કરી શકશે.

અંતમા, રાજકીય લાભ-ગેરલાભ માટે હકારાત્મક નિર્ણયનો વિરોધ કરી અને પ્રજાને ગુમરાહ કરતા તત્વો જીલ્લાના અને પ્રજાના હિતમા નથી. જો ખરેખર આ મેડીકલ કોલેજ કે હોસ્પિટલ ખાનગી કંપનીને સોંપાતી હોત તો પ્રજા રસ્તાઓ પર આવી જાત.

## બનાસના ...

પાના નં .૧ ચાલુ

આ પ્રસંગે વિવિધ સમાજના અગ્રણીઓ અને સંગઠનો દ્વારા મંત્રી શંકરભાઈ ચૌધરી અને મહાનુભાવોનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ઘણા લોકોએ દાનની અવિરત સહાય વહેવડાવી હતી.

કાર્યક્રમમાં સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજયમંત્રી કેશાજી ચૌહાણ, ધારાસભ્ય પરબતભાઈ પટેલ, બનાસડેરીના વાઈસ ચેરમેન અને શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ માવજીભાઈ દેસાઈ, બનાસ બેન્કના ચેરમેન એમ. એલ. ચૌધરી, જી.પંચાયતના પૂર્વ પ્રમુખ દલસંગભાઈ પટેલ, જી.સહકારી સંઘના ચેરમેન અણદાભાઈ પટેલ, બનાસ ડેરીના ડીરેકટરો સર્વ દિલીપસિંહ બારડ, પી. જે. ચૌધરી, ભાવાભાઈ રબારી સહીત ડિરેકટરો, સહકારી આગેવાનો, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

## અમરેલી-નવસારીમાં...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

જયારે ધારી અને રાજુલાના વાવેરામાં પણ ઝરમર વરસાદ થતા વાતાવરણમાં ઠંડક ફેલાઈ છે. જોકે નાગધ્રામાં વીજળી પજતા ૧૫ વર્ષની બાળાનું મોત થયુ છે. નવસારી શહેર અને જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જોકે ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. ડાંગરની સીઝન ચાલી રહી છે. ત્યારે ડાંગર પકવતા ખેડુતોમા ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. ડાંગરનો પાક હાલ કાપણીના આરે આવીને ઊભો છે. ત્યારે ખેડુતોને મોટા પાયે નુકશાનની ભીતી સેવાઈ રહી છે. ખેડુતોને સારા ભાવો ન મળે તેવી શક્યતાઓને પગલે ખેડુતો ચિંતાતુર બન્યા છે.

## આનંદીબહેન પટેલે...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

અને ચૂંટણી જીત્યા બાદ તેઓ જો સ્મૃતિને મુખ્યમંત્રી બનાવવા હોય તો સ્મૃતિની સરકારમાં માત્ર ધારાસભ્ય તરીકે બેસવુ બહેન માટે અપમાનજનક હતુ. આવી સ્થિતિ ઉભી થતાં પહેલા જ આનંદીબહેન પટેલે પાણી પહેલા પાળ બાંધી તેઓ જીવનના અંત સુધી ભાજપ માટે કામ કરશે પણ ચૂંટણી લડશે નહીં તેવી જાહેરાત કરી દીધી છે. સુત્રોના કહેવા પ્રમાણે ભાજપ હાઈકમાન્ડે માત્ર મુખ્યમંત્રી નહીં પણ નાયબ મુખ્યમંત્રી માટેના નામ પણ નક્કી કરી દીધા છે. જેમાં નરેન્દ્ર મોદીના સંઘના સાથીના પુત્ર અને પુર્વ ગૃહરાજ્યમંત્રી પ્રફુલ પટેલનું નામ અગ્રતા ક્રમ ઉપર છે. ત્યાર બાદ બીજા ક્રમે કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા પણ નાયબ મુખ્યમંત્રી થઈ શકે તેવી શક્યતા જોવાઈ રહી છે.

## ૬૯૧૬ ગામને...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

જે ૧ જીબીપીએસ સુધી વિસ્તારી શકાશે. આ પ્રોજેક્ટના પ્રથમ ફેઝમાં બીબીએનએલ માટે રીટેલ દ્વારા ગુજરાત રાજ્યમાં ૫૪૦૧ ગ્રામપંચાયતમાં પાઈપ પાથરવાનું, આ પાઈપ દ્વારા ૪૮૯૧ ગ્રામપંચાયતમાં ઓપ્ટ-ીકલ ફાઈબર પાથરવાનું અને ૨૫૪૮ ગ્રામ પંચાયતોને સેવાઓનો લાભ લેવા તૈયાર કરવાનું કામ પૂર્ણ કરાયું છે.

## જય શાહ ઉપર...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

અમિત શાહે સમગ્ર મામલામાં વિસ્તારથી જવાબ આપતા કહ્યું હતું કે જયની કંપની કોમોડિટિઝ એક્સ્પોર્ટનો કારોબાર કરે છે. આ કંપનીનું ટર્નઓવર ૫૦૦૦ રૂપિયાથી વધીને ૮૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. પરંતુ ધ્યાન આપવાની બાબત એ છે કે, ટર્નઓવર અને નફામાં અંતર હોય છે. કંપની કોમોડિટીના એક્સપોર્ટ અને ઈમ્પોર્ટનો કારોબાર કરે છે જેથી ટર્ન ઓવર મોટુ છે. ભ્રષ્ટાચારના મામલામાં કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના અનેક નેતાઓ ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો છે પરંતુ માનહાનિના કેસ કરવાની સ્થિતિમાં નથી. રોહિગ્યા મામલે તેમણે કહ્યું હતુ કે, આ માનવ અધિકારનો મામલો નથી. રોહિગ્યાને લઈને સુરક્ષા સાથે બાંધછોડ કરી શકાય નહીં.

## ચૂંટણી અધિકારી...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

ત્યારે આદર્શ આચારસંહિતા, સિંગલ વિન્ડો સીસ્ટમ, વી.વી.પેટ, ઈ.વી.એમ.,મતદાર યાદી બી.યુ.ની સંકલન સહિતના ચૂંટણીને લગતા વિષયો અને વિવિધ મુદાઓની તાલીમ કર્મચારીઓને આપવામાં આવી હતી ત્યારે વિધાનસભાની ચૂંટણીઓમાં કામ કરનાર ચૂંટણી અધિકારીની તેની સજ્જતા અને સક્ષમતા અંગે પ્રથમ વાર પરીક્ષા અને તેની તાલીમ પર પંચે ભાર મુકયો હતો.

તો બીજી તરફ મળતી માહિતી અનુસાર ગાંધીનગર ખાતેના પંડિત દિનદયાળ ઈન્સ્ટીટયુટ ખાતે મેઘાલય અને જમ્મુ કાશ્મીરના સી.ઈ.ઓ. અને ગોવાના સંયુકત સી.ઈ.ઓ.એ પરીક્ષા લીધી હતી. જેમાં ગાંધીનગર ખાતે ઉત્તર ઝોનના અધિકારીઓ પરીક્ષા આપવા આવ્યા હતા. જ્યારે વડોદરા ખાતે મધ્યઝોનના અને સુરત ખાતે દક્ષિણ ઝોનના અધિકારીઓને પરીક્ષા માટે બોલાવવામાં આવ્યા હોવાના અહેવાલ છે ત્યારે સમગ્ર પરીક્ષા અને ચુંટણી અધિકારીની સક્ષમતા સજ્જતાનો રીપોર્ટ(પરીક્ષાના અંશો) ઈલેકશન કમીશન ઓફ ઈન્ડિયાને સુપ્રત કરવામાં આવશે તેમ ચૂંટણી આયોગના નીકટી સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## સુથાર નેસડી...

પાના નં .૮ ચાલુ

મુખ્યમંત્રીએ ભાભર તાલુકાના સુથાર નેસડી ગામે ૨૦ લાખના ખર્ચે બનેલ મુખ્ય પ્રવેશ દ્વારા સી.સી.રોડ પુર સંરક્ષણ દિવાલ, સ્ટ્રીટ લાઈટ અને પીકઅપ સ્ટેશન જેવા વિકાસલક્ષી કામોનું લોકાર્પણ કરી પ્રજાલક્ષી સેવાઓના કામો ખુલ્લા મુકાયા હતા. બાદમાં ગૌરવ યાત્રા ભાભર પ્રવેશ કરીને ભાભર ન્યુ એ.પી.એમ. સી.માં સભામાં ફેરવાઈ હતી. મુખ્યમંત્રી અને મંત્રી શંકરભાઈ ચૌધરીએ વિકાસલક્ષી કામો નર્મદા નહેરના કામોની ઝલક પ્રજા સમક્ષ દર્શાવી હતી. તે ઉપરાંત કોંગ્રેસને આડે હાથ લીધી હતી.

સભામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં. જો કે ભાજપના આમગેવાનોને સભામાં જનમેદની ભેગી કરવામાં આંખે પાણી આવી ગયા હતા. વાવ વિધાનસભાના કાર્યકરો હાજર રહ્યા હતા.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | **ખોળ બજાર** |
| **ચાંદી ચોરસા ૪૦૨૦૦-૪૦૭૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગ ૫૭૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| રૂપુ કાચું ૪૦૩૦૦-૪૦૫૦૦ | નર્મદા મગ પોલીસ | અંગુર તુવેરદાળ ૭૨૦૦ | મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦ |
| સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૭૦૦ | ૫૮૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૭૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦- |
| **રાધે પામોલીન ૧૦૦૦** | નર્મદા મગ મોગર ૬૫૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | ૧૫૪૦ |
| પામોલીન ૯૯૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૫૦ | નર્મદા અડદદાળ ૭૦૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૫૪૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૪૭૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૭૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૧૦ | દુન કણકી જુની ૩૦૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | નિરમા સાબુ૫૨૫ |
| ૫ લીટર ૩૮૮ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | **ખાંડ બજાર** | અજમો ૧૪૦-૧૭૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | (બોરીના ભાવ) | સાકરીયા ૪૪૦૦ |
| ૫ કે. કોપરેલ૯૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | **ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦** | ખાંડ બુરૂ ૪૪૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૬ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦ | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | દુધી ૨૦૦-૨૪૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | સુકી ડુંગળી ૬૦૦-૭૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | મરચાં ૫૦૦-૬૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | લીબુ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | અડવી પત્તા ૨૦૦-૩૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | આદુ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | રીંગણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | ટામેટા ૪૦૦-૪૬૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | હેરીટેજ તીબાર ૭૮૦૦ | કાશ્મીરી ૯૦ | ભીંડા ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | હેરીટેજ દુબાર ૬૦૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | કોબી ૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેજ મીની દુબા ૫૦૦૦ | સુપર પટની ૧૦૫ | વટાણા ૧૧૦૦-૧૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ટીંડસા ૫૦૦-૬૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ગવાર ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | સાંગા બટાકા ૧૨૦- ૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | ચોળી ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | તુરીયા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. | તુવેર ૯૦૦-૧૦૦૫ |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | ૪૮૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૧ કી. | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૧૦૦ | ૫૦૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ | |

# એક ફિલ્મની નિષ્ફળતા પણ ભારે પડે છે : તાપ્સુ

બોલિવુડની ફિલ્મોમાં હવે ધીમે ધીમે લોકપ્રિયતા મેળવી રહેલી ઉભરતી સ્ટાર તાપ્સી પન્નુએ માહિતી આપતા કહ્યુ છે કે જો કોઈની પણ એક ફિલ્મ ફલોપ થઈજાય તો ફરી શરૂઆતથી જ મહેનત કરવી પડે છે. ફિલ્મમાં ટકી રહેવા માટે ફિલ્મો સરેરાશ સફળ થતી રહે તે જરૂરી છે. તાપ્સી પિન્ક ફિલ્મમા શાનદાર ભૂમિકા અદા કર્યા બાદ લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ તે સતત સારી ફિલ્મોમાં કામ કરી રહી છે. તાપ્સી હાલમાં વરૂણ ધવનની સાથે પોતાની જુડવા-ર ફિલ્મને લઈને વ્યસ્ત બનેલી છે. તાપ્સીએ હાલમાં પરિવારવાદ અને દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ્ અંગે વિસ્તારપુર્વક વાત કરી હતી. પરિવારવાદના મુદ્દે ચર્ચા છેડાયેલી છે ત્યારે તાપ્સીએ કહ્યુ છે કે તે પોતે પણ એક આવા દાખલા તરીકે છે. જેનાથી સાબિત થાય છે કે પરિવારવાદ વગર પણ ફિલ્મોમાં કામ કરી શકાય છે. થોડીક બાબતો મુશ્કેલ ચોક્કસપણે છે પરંતુ કામ કરી શકાય છે. તેનુ કહેવુ છે કે બોલિવુડમાં એવા લોકો હમેંશા રહેનાર છે તે એક્ટિંગ કુશળતાની નોંધ લેતા રહે છે. કોઈ અન્ય કારણસર ધ્યાન આપશે નહી. તેનુ કહેવુ છે કે દર શુક્રવારે કલાકારોની પરીક્ષા થાય છે. જેથી તે પોતે પોતાના સંઘર્ષમાં હોવાનુ માને છે. તેનુ કહેવુ છે કે ફિલ્મ ફલોપ થવાની સ્થિતીમાં તકલીફ પડી શકે છે. તેનુ કહેવુ છે કે જ્યારે કોઈ પરિવારવાદ અંગે પ્રશ્ન કરે છે ત્યારે તેનો જવાબ હમેંશા હોય છે કે આતો ગેમના નિયમો છે. તેમાં તેને કોઈ આશ્ચર્યજનક બાબત લાગતી નથી. દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડ્સ્ટ્રીઝમાં પણ આ મામલો લાગુ થાય છે. ફિલ્મ ઉદ્યોગમાં આ બાબત વર્ષોથી ચાલી રહી છે.

# નાઈટ શિફટમાં કામ કરનારી મહિલામાં કેન્સરનો ખતરો ચાર ગણો વધી જાય છે

નાઈટ શિફટમાં કામ કરનાર મહિલાઓને સ્તન કેન્સરનો ખતરો વધી જાય છે. વૈજ્ઞાનિકોએ અભ્યાસ કર્યા બાદ આ મુજબના તારણ જારી કર્યા છે. વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે મોડી રાતથી વહેલી સવાર નિયમીત કામ કરનાર મહિલાઓમાં કેન્સરનો ખતરો ચાર ઘણો વધી જાય છે. નિયમીત રીતે મોડી રાત સુધી નોકરી કરનાર મહિલાઓને જોખમ સૌથી વધારે રહે છે. અભ્યાસના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે વહેલી સવારમાં નિયમીત રીત કામ કરનાર મહિલાઓમાં પણ ખતરો રહેલો છે. એકંદરે દિવસમાં કામ કરનાર મહિલાઓની સરખામણીમાં મોડી રાતની શિફટમાં નોકરી કરનાર મહિલાઓમાં ખતરો ૪૦ ગણો વધારે રહેલો છે. પરીણામો નિર્દેશ કરે છે કે વારંવાર નાઈટ શિફ્ટ કેન્સરના ખતરાની સાથે સાથે અન્ય બિમારીઓને પણ આમંત્રણ આપે છે. નાઈટ શિફટમાં લાંબા ગાળા સુધી કામ કરનાર લોકોમાં પણ ખતરો રહેલો છે.દિવસમાં નિયમીત કામ કરવાથી કોઈપણ પ્રકારનો બિનજરૂરી ખતરો નથી. સાંજના ગાળામાં કામની પસંદગી કરનાર લોકોમાં સવારમાં કામ કરતા લોકોની સરખામણીમાં ખતરો વધી ગયો છે. અભ્યાસમાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે છ વર્ષ સુધીના ગાળામાં એક સપ્તાહમાં ત્રણ રાત્રી અથવા તો તેનાથી વધુ સમય સુધી કામ કરનાર મહિલાઓમાં રાત્રી શિફટમાં કામ નહીં કરતી મહિલાઓમાં ખતરો બે ગણો વધારે છે. જ્યારે વધુ સમય સુધી કામ કરનારમાં ખતરો અનેક ગણો વધી જાય છે. ૬૯૨ મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે.

## ગઝલ

અમે જાણી ગયા તમારી દરેક વાતને
જાણી ગયા તમારા અનુભવને
તમ હૈયે અમે કોતરાયા
તેવા ભાવ જાણી ગયા
જાણી ગયા એ તમારી સુખદ યાદને
જાણી ગયા તમારા અંતરના અવાજને
તમે અમને રાખશો ખુશ
એવો ભાવ જાણી ગયા
તો જાણી ગયા અમે તમારી લાગણીને
જાણી ગયા તમારા અહેસાસને
તમે રહેશો હંમેશા સાથે તેવા
ભાવ અમે જાણી ગયા
અમે જાણી ગયા તમારી દરેક વાતને
જાણી ગયા તમારા અનુભવને...

**ધરમાણી માયા બી.**(ડીસા)

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ...........................................................
સરનામુ : ...........................................................
મોકલનારની સહી : ..................................................

## લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ

ચારેબાજુ પોલમને પોલ, લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ..
નોકરીયું મળે નહીં છોકરીયું વરે નહીં
તાજા જુવાનીયા તો કોઈનાથી ડરે નહીં
આંગળીના થઈ ગ્યા છે ઓલ લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ..
મોંઘવારી સળગે છે બેકારી વળગે છે
રોજમારામારીને બીમારી પડખે છે
ઝખ્મો પર મુકો બર્નોલ.. લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ
ફેશનમાં ફુટે છે સંસ્કારો ખુટે છે
પશ્ચિમનો પ્રેમ હવે લાગણીઓ લુંટે છે
કોને કોને મારવી કયો ધોલ ? લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ
ટી શર્ટસને જીન્સ મહીં નીકળ્યા છે પ્રીન્સ અહીં
આખીયે દુનિયાના બગડી ગ્યા સીન્સ અહીં
કોને તે કરીએ કંટ્રોલ લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ
મારે સંભળાવવું છે એક ગીત ગાવું છે
આખરી આ આલમને કૈંક કે તું જાવું છે
અંદરથી આવે મીસ કોલ લ્યો કરો હવે પ્રોબ્લેમ સોલ્વ

**સાંઈરામ દવે**

## તડકો

સવારે ઠારતો તડકો, બપોરે બાળતો તડકો
ઘડીમાં ફુલ પાંદડીએ, મલકતો દોડતો તડકો
જીવન આ સુખની શય્યા છે, સદા પંપાળતો તડકો
ભલે ભાવે ન મનને પણ દુઃખો ડુબાડતો તડકો
તડકાથી તો જીવન છે બધું શણગારતો તડકો
રહો આનંદમાં યુસુફ ખરૂં જીવાડતો તડકો

**યુસુફ ગુંજાવી**

## નમામી દેવી નર્મદે

દોહ્યલું હતું એક દિ પીવા પાણીનુંય ટિંપુ
વહોમી વેળાએ અણમોલા પાયા તે ક્ષીર
સ્વયં જાણે આલમ નજરે નિહાળીયો
વેરાણ વગડે જે દી દીઠાં નર્મદાના નીર
ખોલ્યા સમૃદ્ધિ કેરા દ્વાર અહીં
થયું સપનું સાકાર સરદાર સાહેબનું
ઘરઆંગણે પધાર્યા કષ્ટકરણી નર્મદે
એ સૌભાગ્ય છે ગરવી ગુજરાતનું
ચોમેર ખુશીઓ કેરા ઉમટયા વાદળ
થરાદ, ભાભર ને સુઈગામ વચમાં રહી વાવેચી
દેવાદાર ખેડૂતોને અપાવે તે મુકિત
સાચી સંપત્તિ જેમની લાવી તે ખેંચી
બનાસકાંઠામાં થયા નર્મદાના આગમન
ખેડૂતોને હૈયે પુરી હામ દિધો છે સહારો
ખેતરોમાં લહેરાયા મબલખ પાક
પશુપાલનમાં ઉત્સાહ ભેર થયો વધારો
સામાન્ય માનવી જાત ઉપર થયા પગભર
નર્મદાના નીરનો કેવો આ ચમત્કાર
સરહદી વિસ્તાર થઈ ગ્યો માલામાલ
બેઉ હાથને ત્રીજા મસ્તક વડે પ્રભુ જેપુના નમસ્કાર

**રાજેશ બારૈયા (ભાવનગર)**

## લહરા રહા હૈ ત્રિરંગા પ્યારા

લહરા રહા હૈ ત્રીરંગા પ્યારા
ઉસે દેખ ઝુમ રહા હૈ મન મેરા
માં ભારતી કી શાન હૈ ત્રિરંગા પ્યારા
જવાનો કી આન હૈ ત્રીરંગા પ્યારા
ગા રહા હૈ યે વતન સારા
લહરા રહા હૈ ત્રિરંગા પ્યારા
ઉસે દેખ ઝુમ રહા હૈ મન મેરા લહેરા રહા..
જાન હૈ તું હર શહીદ કી, હિમ્મત તું હર જવાન કી
ઉનકે ખુન સે તું રંગા થા, ઉનકી સાંસો હૈ તું લહેરાતા
માં કો અર્પિત કર દીયા, અપના જીવન યારા
લહરા રહા.. હૈ ત્રીરંગા પ્યારા
વીરોં કે તસવીરે તુજ મેં દિખતી
જબ ભી દેખે હૈ મુશ્કુરાતી
તેરે વાસ્તે હૈ વીરોંને સર કટાયે
મગર ન કીસી કે સામને ઝુકાયે
ખુદ મર ગયે મગર તુજે ન ગીરને દિયા
દુશ્મન કો રૂશ્વા કીયા તુજે હૈ લહેરાયા
માં ભારતી કે બિસ્મીલ બેટો કો સલામ હો હમારા..
લહેરા રહા...

**ઠાકોર ટીના આર.** (સુરાણા)

## ચાહત

ઝુરૂ છું વિરહ તણી આગમાં, અંગાર બનીને
હસાવ્યા અમેજેમને તે ચાલ્યા, જીંદગીભર રડાવીને
મૈત્રી તણો પ્રસ્તાવ મુકયો દોસ્તીનો, અંદાજ કરીને
ઠુકરાવી મારી લાગણીઓ એમણે ઈન્કાર કરીને
હકીકત છુપાવી અમે હૈયામાં હામ રાખીને
સળગતી રહી ચીનગારી સદા, સોલા બનીને
સુઈ જતા અમે પ્રેમથી એમને યાદ કરીને..
એજ યાદોને એજ રાતો, વિતાવું છું જાગી જાગીને
અંતરના અરમાનો વહી ગયા, આંસુ બનીને
રહી ગઈ મુજ ચાહત એક કહાની બનીને

**સંકલન : પી.સી.જેપુ (પ્રચાંદ) ડેડાવા**

## વફાદાર શ્વાન

એક વફાદાર હતો શ્વાન, લાગે સુંદર ભુરે વાન
સૌની વચ્ચે કરતો તાન, ઊંચો થઈને આપે માન
ચોકમાં બધે એનું રાજ, રાતે ફરતો પ્હેરી તાજ !
ચોકી કરવી એક નિશાન, પછી ભલેને જાતો જાન !
એક દિ વંડી ઠેકી કોક, આવી બેઠું નીચે ચોક
શ્વાન બેઠો સંતાઈ ચુપ, શું કરે છે દેખવા રૂપ !
ખાડો ખોદી દાટી માલ, ચોરે પકડી પાછી ચાલ
માલિકને હરાવવા ભાન, આવીને ઉઠાડતો શ્વાન
માલીક દેખી આભો થાય, શું થશે નો વિચારે વાય !
દન ઉગે એકઠું થ્યું ગામ, ચોરી જેને થઈ છે ઠામ !
પગી પકડતો પગલાં જાય, ત્યાં તો માલીક સામે ધાય !
શ્વાને જાણ્યા સઘળા હાલ, એમ વદી બતાવતો માલ !
સૌએ બોલે શોધો ચોર, જેણે કીધું જ કૃત્ય ઘોર
સાંભળી માલીક કહે જાવ, શ્વાન શોધી ચોરને લાવ !
પગલાં સુંધી કરતો રીસ, ચોરનું જઈ ઝાલ્યું ખમીશ
આખું ગામ વખાણે વાહ ! સાચો શ્વાન બતાવે રાહ !

**મંગળ રાવળ સ્નેહાતુર**

## રાધનપુર તાલુકાના શેરગઢમાં જમીન ધોવાણનું વળતર ચૂકવવા માંગ

રાધનપુર

રાધનપુર તાલુકાના શેરગઢ ગામે ભારે વરસાદ અને પૂરનાં કારણે ખેડૂતોના ખેતરોનું ખુબ જ ધોવાણ થવા પામ્યું હતું,અને આધોવાણના કારણે ખેડૂતોને વ્યાપક નુકશાન થવા પામ્યું હતું,તેમ છતાંય ખેતરોના ધોવાણની સહાય ચુકવવામાં અન્યાય કરવામાં આવ્યોહોવાથી ગ્રામ પંચાયત દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું,જેમાં સરકારશ્રીના નિયમ મુજબ હેક્ટર દીઠરૂ.૮૦૦૦૦ ફાળવેલ છે તે પ્રમાણે વળતર આપવામાં આવેલ નથી,હાલમાં સરકારશ્રી દ્વારા જમીન ધોવાણનું વળતર આપવામાંઆવેલ છે તે ખુબ જ ઓછું આપવામાં આવેલ છે, જેથી રી-સર્વે કરવા અથવા તો સરકારશ્રીના નિયમ મુજબ હેક્ટર દીઠ જમીન ધોવાણની રકમમાં વધારો કરવા રજુઆત કરી હતી.

## ત્રણેય સેનાઓના જવાનોની સાથે રક્ષા મંત્રી દિવાળી મનાવશે

નવીદિલ્હી

રક્ષા મંત્રી નિર્મલા સીતારમન અંડમાન નિકોબાર ટાપુમાં આવેલા લશ્કરી રીતે મહત્વપૂર્ણ ત્રણેય સેનાઓ (થલ વાયુ અને નૌસેના)ના કમાનમાં લશ્કરી કર્મચારીઓની સાથે દિવાળી મનાવશે. સત્તાવાર સુત્રોના જણાવ્યા અનુસાર રક્ષા મંત્રી ૨૪ અને ૨૫ ઓકટોબરે ફિલીપીનની યાત્રા પર રહેશે અને ખાસ કરી દરિયાઇ વિસ્તારમાં લશ્કરી સહયોગ મજબુત કરવાની પધ્ધતિ શોધવા માટે આ દરમિયાન ત્યાંના વરિષ્ઠ નેતાઓની સાથે વાતચીત કરશે રક્ષા મંત્રી તરીકે આ તેમનો પહેલો વિદેશ પ્રવાસ હશે. સુત્રોના જણાવ્યા અનુસાર નિર્મલા ૧૮ ઓકટોબરે અંડમાન નિકોબાર ટાપુની યાત્રા પર જશે અને ૧૯ ઓકટોબરે ત્રણેય સેનાઓના કર્મચારીઓ સાથે દિવાળીનો ઉત્સવ મનાવશે યાત્રા દરમિયાન તેમનો ત્રણેય સેનાઓ વાળા દેશના એકમાત્ર કમાનની અભિયાન સંબંધી તૈયારીઓની સમીક્ષા કરવાની આશા છે. એ યાદ રહે કે તાજેતરમાં ચીની મીડિયાએ રક્ષા મંત્રી સીતારમનના એ પગલાનું સ્વાગત કર્યું હોંગકોંગ આધારિત અખબર સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટે સીતારમનના નાથુલા પ્રવાસને લઇ પ્રકાશિત અહેવાલમાં કહ્યું કે ભારતીય રક્ષા મંત્રીએ ચીનના સૈનિકોની સાથે સેતુ નિર્માણ કરવાનું કામ કર્યું છે. વિદેશ મંત્રાલયની પ્રવકતા હુઆ ચુનયિંગે કહ્યું કે ચીન ભારત સીમાનો સિક્કીમ સેકટર ૧૮૯૦ની એતિહાસિક સંધિ દ્વારા પરિસીમિત થયો હતો અને નાથુલા દર્રા એ તથ્યનું સાક્ષી છે તેમણે કહ્યું કે ચીની પક્ષ એતિહાસિક સંધિઓ અને સંબંધિત સમજૂતિઓ ના આધાર પર ભારતીય પક્ષની સાથે મળી સીમાવર્તી વિસ્તારમાં શાંતિ અને સદ્ભાવ યથાવત રાખવાના ઈચ્છુક છે.

## જય શાહ પર ભ્રષ્ટાચારના કોઇ આરોપ નથી : અમિત શાહ

નવીદિલ્હી

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પહેલીવારપ પુત્ર જય શાહની કંપની પર આર્થિક અનિયમિતતાના આરોપો પર જવાબ આપ્યો છે એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં શાહે કહ્યું કે જયની કંપનીએ સરકારની સાથે કોઇ કારોબાર કર્યો નથી કોઇ સરકારી જમીન લીધી નથી અને ન કોઇ કોન્ટ્રાકટર લીધો છે. આ કોઇ પણ રીતે ભ્રષ્ટાચારનો મામલો નથી જો કોંગ્રેસની પાસે આ મામલામાં કોઇ પુરાવા હોય તો તે તેને અદાલતમાં રજુ કરી શકે છે.

અમિત શાહે ઉલટુ કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા કહ્યું કે આઝાદી બાદ ૭૦ વર્ષોમાં કોંગ્રેસ પર અત્યાર સુધી ભ્રષ્ટાચારના તમામ આરોપ લાગ્યા છે. શું આજ સુધી તેમણે કયારેય માનહાનિનો કેસ દાખલ કર્યો.

શાહે કહ્યું કે મારા પુત્રે અદાલત જઇ ૧૦૦ કરોડની માનહાનિનો કેસ કર્યો અને સમગ્ર મામલાની ખુદ જ તપાસ કરાવવાની માંગ કરી અમારા પર આરોપ લાગ્યો તો અમે ૧૦૦ કરોડનો માનહાનિનો કેસ કરી દીધો કોંગ્રેસ પર આટલા આરોપ લાગ્યા તે લોકોએ કેટલા લોકો પર કેસ કર્યો જો તેમની પાસે પુરાવા છે તો સામે આવે.

શાહે સમગ્ર મામલામાં પહેલીવાર વિસ્તારથી જવાબ આપ્યો અને કહ્યું જયની કંપનીનો કોમોડિટીજ એકસપોર્ટનો બિજનેસ છે આ કંપનીનું ટર્નઓવર ૫,૦૦૦ રૂપિયાથી વધુ ૮૦ કરોડ સુધી પહોંચી ગયા છે. પરંતુ ધ્યાન આપવા જેવી વાત એ છે કે ટર્નઓવર અને નફામાં અંતર હોય છે કંપ ની કમોડિટીજના એકસપોર્ટ અને ઈપોર્ટનો કારોબર કરે છે આથી તેનું આટલું મોટું ટર્નઓવર છે.તેમણે કહ્યું કે કોંગ્રેસના અનેક નેતા પર ભ્રષ્ટાચારના આરોપ છે અનેક નેતાઓની વિરૂધ્ધ અદાલતમાં મામલા ચાલી રહ્યાં છે આમ છતાં કોંગ્રેસ આ નેતાઓ પર કાર્યવાહી કરવાની જગ્યાએ ભાજપ પર ખોટા આરોપ લગાવે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **થરા** | રાયડો | ૬૫૧-૬૮૫ |
| જીરૂ | ૩૦૦૦-૩૬૯૮ | ચીકુડી | ૭૦૦-૮૧૮ |
| એરંડા | ૮૮૦-૮૯૨ | બાજરી | ૨૩૦-૨૪૫ |
| રાયડો | ૬૩૦-૬૪૦ | ગવાર | ૬૫૧-૬૮૫ |
| ગવાર | ૬૬૦-૬૮૪ | મેથી | ૪૬૦ |
| ઘઉં | ૩૦૫-૩૨૪ | જીરૂ | ૨૪૦૦-૩૬૦૦ |
| બાજરી | ૨૨૦-૨૩૯ | ઈસ. | ૧૭૦૦-૧૯૬૦ |
| | **ધાનેરા** | મગ | ૬૮૦-૯૩૯ |
| ઘઉં | ૨૮૫-૩૬૭ | અજમો | ૭૦૦-૧૦૦૦ |
| બાજરી | ૨૩૦-૨૬૫ | | **થરાદ** |
| ચોળા | ૬૧૦-૧૦૮૧ | એરંડા | ૮૭૦-૮૭૫ |
| ગવાર | ૬૩૪-૬૮૭ | રાયડો | ૬૪૦-૬૫૦ |
| મગફળી | ૪૨૧-૭૭૫ | બાજરી | ૨૪૦-૨૬૫ |
| રાયડો | ૬૩૦-૬૬૮ | ચીકુડી | ૮૦૦-૮૨૫ |
| એરંડા | ૮૭૫-૮૮૩ | | **સિદ્ધપુર** |
| જીરૂ | ૨૩૬૬-૩૪૬૧ | રાયડો | ૬૧૫-૬૫૫ |
| તલ | ૧૦૭૫-૧૪૦૯ | એરંડા | ૮૭૦-૯૦૦ |
| મેથી | ૫૩૧ | મગ | ૭૧૪-૧૨૭૧ |
| સુવા | ૬૪૦-૮૭૫ | અડદ | ૬૦૦-૮૯૦ |
| રાજગરો | ૭૧૧-૭૭૦ | ગવાર | ૬૪૦-૬૮૦ |
| અજમો | ૫૬૧-૮૨૧ | ચોળા | ૪૦૦-૯૯૧ |
| રજકો | ૧૭૧૧-૨૪૧૧ | ઘઉં | ૩૦૫-૩૮૦ |
| અન્ય | ૬૨૧-૮૨૭ | બાજરી | ૧૯૦-૨૫૯ |
| | **થરાદ** | જવ | ૩૦૦ |
| એરંડા | ૮૭૦-૮૮૬ | કપાસ | ૯૫૧ |

## પાટણ તાલુકા પંચાયત ભવનના નવનિર્મિત મકાનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણ ખાતે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા પાટણતાલુકા પંચાયત ભવનના નવનિર્મિત મકાનની લોકાર્પણવિધિ શ્રમ અને રોજગારમંત્રીદિલીપકુમાર ઠાકોરે કરી હતી. આ કાર્યક્રમમાં સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારે નવીન જિલ્લાઓમાં આંતરમાળખાકીય ક્ષેત્રે ખૂબ ઝડપથી કાર્યવાહી હાથ ધરી નવીન બિલ્ડીંગો બનાવ્યા છે પાટણ ખાતે રૂ ૧.૨૦ કરોડના ખર્ચે સંપૂર્ણ સુવિધાયુક્ત ધરાવતું તાલુકા સેવા સદન બનાવ્યું છે. વહીવટની કામગીરી ઝડપથી થશે. શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, ૧૨૦ કરોડના ખર્ચેનિર્માણ થયેલ ભવન પ્રજાની સુખાકારી અને વહીવટી સગવડો ઉપલબ્ધ બનશે. રાજ્ય સરકારે ટૂંકા સમયમાં બિલ્ડીંગ બનાવી પાટણ જિલ્લાના વિકાસમાં વધારો કર્યો છે. પાટણ જિલ્લામાં અનેક વિભાગના નવિન ભવનો બનાવ્યા છે. આરોગ્ય વિભાગના ૧૦ જેટલા પેટા આરોગ્ય કેન્દ્રનો પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર પ્રજાને સુવિધાઓઘરઆંગણે મળી રહે તે પ્રકારની કામગીરી કરી રહી છે. ગુજરાતમાં અનેક ઉદ્યોગો આવીરહ્યા છે. ઉદ્યોગોને અનુરૂપ ટેકનીકલ કારીગરોને જરૂરિયાત પૂરી પાડવા દરેક તાલુકાક્ષેત્રે આઈટીઆઈ કાર્યરત કરવામાં આવી છે. ગુજરાતમાં ૨૮૭ આઈટીઆઈ ચાલુકરવામાં આવી છે. દરેક જિલ્લાક્ષેત્રે મેગા જોબ ફેરનું આયોજન કરી રોજગારી પૂરીપાડવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. રાજ્ય સરકારે ૨૫,૦૦૦ દીકરીઓને રોજગારી આપવાના લક્ષની જગ્યાએ ૩૧,૦૦૦ દીકરીઓને રોજગારી આપી છે. રાજ્ય સરકારે ૮૦,૦૦૦ યુવાનોને સરકારી નોકરી આપવામાં આવી છે. ગરીબ કલ્યાણ મેળા યોજી ગરીબોને પણ રોજગારી આપવાનું કામ રાજ્ય સરકાર ૧૦ વર્ષથી કરી રહી છે, જેનાથી ગરીબ લોકો રોજગારી મેળવતા થયા છે અને રાજ્યના વિકાસમાં સહભાગી બન્યા છે.

રાજ્ય સરકારે યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે પ્રકારની કાર્યવાહીહાથ ધરી છે. પ્રજા અને સરકારની ભાગીદારી અને સહયોગથી રાજ્યની પ્રગતિ ઝડપીબની છે. ગરીબોનો વિકાસ, મહિલાઓનો વિકાસ, ખેડૂતોનો વિકાસ, શિક્ષણ ક્ષેત્રે અનેઆરોગ્યક્ષેત્રે, ગરીબ કલ્યાણ મેળા કૃષિમેળા અનેક પ્રકારના આયામો દ્વારા ગરીબોના દ્વારેપહોંચી છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજગુરુએ સ્વાગત પ્રવચન કરીનેજણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં તાલુકા સેવા સદનના પાકા મકાનો બની ગયા છે. માત્ર સાંતલપુર તાલુકાના ભવનની કામગીરી પણ ચાલુ વર્ષે પૂર્ણ થશે. તાલુકા સેવા સદનની જાણકારી અને સવિસ્તાર માહિતી પૂરી પાડી હતી.આ કાર્યક્રમમાં સંગઠ્ઠનના પ્રમુખશ્રી મોહનભાઇ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કે.જે.પટેલ, મનોજભાઇ પટેલ, રેવાભાઇ દેસાઇ, બળવંતભાઇ ચૌધરી, જલાજી ઠાકોર, સુરેશભાઇ પટેલ, દેવજીભાઇ, વિરેશ વ્યાસ, તાલુકા વિકાસ અધિકારી જયંતીભાઇ પ્રજાપતિ, નાયબ તાલુકા વિકાસ અધિકારી વિજયભાઇ ત્રિવેદી, તાલુકા પંચાયતના અધિકારીઓ-કર્મચારીઓ, નગરજનો અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

## પાટણ પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસની હારનું કારણ આંતરિક ઘમાસાણ

પાટણ

પાટણ નગરપાલિકાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની હાર કેમ થયાનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખે જિલ્લા કોંગ્રેસને પાર્ટીની હાર માટે જવાબદાર નગરસેવકોના નામ સહિતની વિગતો આપી છે. રિપોર્ટમાં કોંગ્રેસના આંતરિક ઘમાસાણ હોવાનું સામે આવતા આવનાર દિવસોમાં કોંગ્રેસ આક્રમક પગલાં ભરે તેવી સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી હતી.

પાટણ પાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સામે કોંગ્રેસની સત્તા યથાવત રહી છે. પરંતુ નગરસેવકો ઘટી ગયા છે. જેને લઈ જિલ્લા કોંગ્રેસ દ્વારા સમગ્ર મામલે રિપોર્ટ મંગાવવામાં આવ્યો હતો. પાટણ શહેર કોંગ્રેસ દ્વારા તૈયાર કરવામાં આવેલ રિપોર્ટમાં હાર માટે જવાબદાર નગરસેવકોના નામ અને તેમણે કરેલી પ્રવૃત્તિઓની સમગ્ર વિગત ટાંકવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પાલિકામાં સત્તાધિન કોંગ્રેસ પાર્ટીના બે જુથો વચ્ચેનો ટકરાવ અને તે પછીની સમગ્ર ઘટનાઓનો આધાર લઈ ભાજપને જીતાડવા થયેલી પ્રવૃત્તિઓ રિપોર્ટમાં આવરી લેવામાં આવી છે. પાટણ શહેર કોંગ્રેસ દ્વારા તૈયાર કરવામાં આવેલ રિપોર્ટમાં હાર માટે જવાબદાર નગરસેવકોનામ નામ અને તેમણે કરેલી પ્રવૃત્તિઓની સમગ્ર વિગત ટાંકવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પાલિકામાં સત્તાધિન કોંગ્રેસ પાર્ટીના બે જુથો વચ્ચેનો ટકરાવ અને તે પછીની સમગ્ર ઘટનાઓનો આધાર લઈ ભાજપને જીતાડવા થયેલી પ્રવૃત્તિઓ રિપોર્ટમાં આવરી લેવામાં આવી છે. પાટણ જિલ્લા કોંગ્રેસના સૂત્રોએ જણાવેલ કે ઉમેદવાર, પક્ષના નેતા અને શહેર કોંગ્રેસ પ્રમુખ પાસે હાર માટેના તમામ કારણો સહિતનો રિપોર્ટ મંગાવ્યો છે, પાલિકામાં કોંગ્રેસની સત્તા ટકે કે જતી રહે પરંતુ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારને બહારનો રસ્તો બતાવવાની તૈયારી પણ હોવાનું જણાવ્યું હતું.

## ઈડર ખાતે જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

હિંમતનગર

સતીશ ભટ્ટ




સમગ્ર રાજયવ્યપી આરંભાયેલા દસમા તબક્કાના ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત સાબરકાંઠા જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ઈડર ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં જિલ્લાના ૪૫,૨૬૨ લાભાર્થીઓને રૂ. ૨૮૯૮.૬૩ની સહાય આપવામાં આવી હતી. ઈડરના સાપાવડા કોટન માર્કેટ યાર્ડ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતા વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, અગાઉ નવ તબકકામાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા છે. જેમાં જરૂરીયાતમંદ લાભાર્થીઓને હાથો હાથ સહાય આપીને આર્થિક રીતે ઉન્નત બનાવવાનો પ્રયાસ કર્યો છે. આજે દશમાં તબક્કાના યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના ૮ તાલુકાના ૪૫,૨૬૨ લાભાર્થીઓને રૂ. ૨૮૯૮.૬૩ની સહાય પુરી પાડવામાં આવશે. પ્રાસંગિક ઉદ્દબોધન કરતા આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી રમીલાબેન બારાએ રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ઓનો ઉલ્લેખ કરી તેનો લાભ લઇ પોતાને ગરીબી માંથી બહાર આવી આર્થિક સમુધ્ધિ પ્રાપ્ત કરવાની વાત કરી હતી.

## નિવૃત તલાટી હત્યા કેસઃ લાશને ૩ કલાક કારમાં ફેરવી, પછી પેટ્રોલ નાખી સળગાવી

મહેસાણા

મહેસાણા ન્ઝમ્એ ઝડપેલા મહેસાણાના બે યુવાનોએ દેવુ થઇ જતા લૂંટના ઈરાદે નિવૃત તલાટીનું અપહરણ કરી હત્યાને અંજામ આપ્યો હોવાની ચોંકાવનારી કબુલાત કરી છે. હત્યા બાદ ગાડીની પાછળની સીટમાં લાશ મુકીને ૩ કલાક ફરતા રહેલા બન્ને મિત્રોએ સંધ્યાકાળ થતા કચરા વચ્ચે લાશ મુકી પેટ્રોલ છાંટીને સળગાવી હોવાનું ખુલવા પામ્યું છે. આ હત્યા કેસમાં પોલીસ ક્વાટરમાં પોલીસ કર્મીઓના પગરખા સીવતાં સરકારી મોચીના પુત્રની સંડોવણી ખુલી છે. રહસ્યમય સંજોગોમા નિવૃત તલાટીની અર્ધબળેલી હાલતમા લાશ મળી આવવાના બહુચર્ચિત કેસ પરથી પડદો ઉંચકાયો છે. મહેસાણા એલસીબી પીઆઇ આર.એસ. પટેલ, શહેર એ ડિવિઝન પીઆઇ ગઢવી તેમજ સ્ટાફ હત્યા કેસની કડીઓ મેળવી રહ્યા હતા.

## વડાવલી અને કંબોઇ ગામ ખાતે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ખુલ્લું મુકતા રાજયમંત્રી




પાટણ

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના વડાવલી અને કંબોઇ ગામ ખાતે રૂપિયા ૧.૬૨ કરોડના ખર્ચે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ચાણસ્મા તાલુકાના વસઇ, સોજીત્રા, ચવેલી, રેલ્વેપુરા, ઈટોદા તેમજ સિધ્ધપુર તાલુકાના મેત્રાણા, મેળોજ ગામ ખાતે રૂપિયા ૧.૫૦ કરોડના ખર્ચે નવીન પેટા આરોગ્ય કેન્દ્રના નવીન ભવનો શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જાહેર જનતાની સુખાકારી માટે ખુલ્લા મુક્યા હતા. વડાવલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૦૧૪-૧૫માં એનઆરએચએમ યોજના અંતર્ગત અને કંબોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૦૧૫-૧૬માં નાબાર્ડ યોજના અંતર્ગત મંજુર થયેલ છે. બંને આરોગ્ય કેન્દ્રો રૂ. ૧.૬૨ કરોડના ખર્ચે સંપૂર્ણ સુવિધાયુક્ત બનાવામાં આવ્યા છે

આ પ્રસંગે દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં આરોગ્યની સેવાઓ અને દૂર વિસ્તારમાં હોવાથી ઘણી જ વખત સગર્ભા દીકરીઓ અને જન્મનાર બાળક મૃત્યુના મુખમાં ધકેલાઇ જતા હતા. રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે આમુલ પરિવર્તન લાવી ગામડાઓમાં ઘરઆંગણે હોસ્પિટલમાં સારવાર મળી રહે તે માટે નવીન આરોગ્ય કેન્દ્રો ઉભા કરવાનું નક્કી કરેલ છે. શહેરની જેવી આરોગ્યની સુવિધાઓ પણ ગામડાઓમાં ઉપલબ્ધ બને તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. બીપી અને ડાયાબીટીસના દર્દીને આજીવન મફત દવા પૂરી પાડવામાં આવે છે. મહિલાઓના આરોગ્યની રાજ્ય સરકારે સતત ચિંતા કરી છે. બેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સર મહિલાઓની વિનામુલ્યે સારવાર આપી તેમનો જીવ બચાવવામાં આવે છે. હોસ્પિટલમાં એલસીડી સ્ક્રીન દ્વારા દર્દીઓને આરોગ્યની જાણકારી પણ આપવામાં આવે છે. નર્મદા ડેમનું કામ પૂર્ણ થતા સિંચાઈ વ્યવસ્થા અને તળાવો ભરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

## વડુની સીમમાં ટ્રક ડ્રાયવરની હત્યા કરી રૂા. ૯.૫૦ લાખના એરંડા સાથે ટ્રકની લુંટ

પાટણ

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના વડુ ગામની સીમમાં ખેતરમાંથી તાજેતરમાં એક પુરૂષની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. આ પુરૂષ રાજસ્થાનનો હોવાનું પ્રાથમિક તબક્કે જણાઈ આવેલ છે. દરમ્યાન સિધ્ધપુર ખાતે રહેતા પટેલ પથીકભાઈ નટવરભાઈએ ખુલાસો કરવા સાથે વાગડોદ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે અને જણાવ્યું છે કે ટ્રકમાં ડ્રાયવર તરીકે ઝાટ (ચૌધરી) કાલુરામ ટીસમાલ (રહે. મંગળાવાલી, તા. માધાપુર રાજસ્થાન) ને નોકરીએ રાખેલ અને આ ડ્રાયવર ઉપરોક્ત ટ્રકમાં એરંડાની ૨૮૦ બોરીઓ (કિં. રૂા. ૯.૫૦ લાખ) લઈને નિકળેલ. જેને કોઈ અજાણ્યા ઈસમોએ ગળે ટુંપો આપી મોતને ઘાટ ઉતારી તેની લાશને સરસ્વતી તાલુકાના વડુ ગામની સીમમાં એક ખેતરમાં ફેંકી મારવામાં આવેલ.

આ અજાણ્યા લુંટારા ઈસમો રૂા. ૯ લાખના એરંડા, ૯ લાખની ટ્રકની લુંટ ચલાવી નાસી ગયેલ. આ બાબતે વાગડોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવેલ.

## રાધનપુરમાં છોટા હાથીમાંથી ૭ પાડા ઝડપાયા

રાધનપુર

રાધનપુર ખોડાઢોર પાંજરાપોળના ટ્રસ્ટી કમલેશભાઈ ભેમાણી શુક્રવારે સવારે વહેલી સવારે ચાર વાગે પાંજરાપોળના પશુઓની સાર- સંભાળ માટે નીકળેલા, તેઓ ધાનબજાર પહોંચ્યા હતા એ સમય દરમ્યાન તેમને એવી માહિતી મળી હતી કે છોટા હાથી વાહન પશુઓ ભરીને સમી તરફ જવાનું છે,જે હકીકત તેમણે સામાજિક કાર્યકર અને જીવદયાપ્રેમી હરેશભાઈ રઘુરામભાઈ ઠક્કરને બોલાવીને કરેલી અને બંને જણા રાધનપુર હાઈવે ચાર રસ્તા પાસે જઈને ઉભા રહેલા તે દરમ્યાન આશરે સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે જી.જે.૧૩ એ.ટી.૧૬૦૪ નંબરનું છોટા હાથી વાહન નીકળતા શકમંદ જણાતા તેને ઉભું રાખીને તપાસ કરતા તેમાં આશરે દોઢથી બે વર્ષની ઉંમરના સાત પાડા ખીચો-ખીચ ભરેલા હતા,ગાડીમાં પીવાના પાણીની કે ઘાસચારાની કોઈ જ વ્યવસ્થા નહતી, અને આ પાડાને કતલખાને લઈ જવાતા હોવાની શંકા જતા ડ્રાઈવરનું નામ-ઠામ પૂછતાં સલીમભાઈ યુસુફભાઈ રાઠોડ(મુસલમાન), રહે. દસાડા માંડલ રોડ, ઈન્દીરાનગર તા.પાટડીવાળા હોવાનું જણાવેલ અને પાડા ક્યાંથી ભરેલા છે અને ક્યાં લઈ જવાના છે તે પૂછતાં સંતોષકારક જવાબ આપતો ના હોઈ નજીકમાંથી હેડ કોન્સ્ટેબલ ભીખુદાન હેમતાજી અને પોલીસ કોન્સ્ટેબલ મહિપતસિંહ કરણસિંહ આવતા તેને છોટા હાથી સાથે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો અને પશુ ઘાતકીપણું અધિ.૧૧ ડી.એફ. ઈ.એચ. તથા પશુ સંરક્ષણ અધિ.૨૦૧૧ ની કલમ ૫-૬-૮ મુજબ કાયદેસર થવા કમલેશભાઈ ભેમાણીએ ફરિયાદ નોંધાવી હતી.

## દાંતીવાડા જળાશયમાંથી સિંચાઈનું પાણી મેળવવા તા. ૨૫ ઓકટોબર સુધીમાં ખેડૂતોએ અરજી કરવાની રહેશે

પાટણ

દાંતીવાડા જળાશય યોજનાના ખેડૂતોને જણાવવાનું કે, સને ૨૦૧૭-૧૮માં રવિ સીઝન માટે જળાશયમાંથી ઉપલબ્ધ પાણીના જથ્થા પ્રમાણે પાંચ પાણ સાથે ૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનું આયોજન કરેલ હોઇ પાણી લેવાની ઈચ્છા ધરાવતા કમાન્ડ

વિસ્તારના ખેડૂતોને પાણી મેળવવા બાબતની અરજી નિયત નમુના ફોર્મ-૭માં જરૂરી

વિગત દર્શાવી તેમના વિસ્તારના સેકશનલ ઓફિસર/ કારકૂનોને રૂબરૂમાં તારીખ ૨૫/૧૦/૨૦૧૭ સુધીમાં પહોંચાડવી. અરજી સાથે ખાતાની બાકી અને પંચાયતની બાકી રકમ તથા ચાલુ સિઝનનો આગોતર સિંચાઈ પિયાવો પૂરેપૂરો ભરવાનો રહેશે. આ સિવાયની અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. ચાલુ સાલે પ્રતિ પાણ દીઠ રૂ. ૩૦૭.૪૫ તથા ૨૦ ટકા લોકલ ફંડ રૂ. ૬૧.૫૧ એમ કુલ મળી કુલ રૂ. ૩૬૮.૯૬ પ્રતિ હેકટર દીઠ ભરવાના રહેશે. ખેડૂતોએ અરજી આપી

પાણીનો પાસ મેળવી લેવો. પાણીના પાસ સિવાય પાણી આપવામાં આવશે નહીં. ઢાળિયા તૈયાર કરવાની જવાબદારી ખેડૂતોની પોતાને રહેશે, તે બાબતની કોઈ તકરાર અત્રેની કચેરી દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ તેમ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, ડીસાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા એડવોકેટોની તાલીમ યોજાઈ

પાટણ

પાટણ જિલ્લા અદાલત ખાતે તાજેતરમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણ દ્વારા પેનલ એડવોકેટ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું.

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ પાટણ દ્વારા પાટણ નગરમાં આવેલી જિલ્લા અદાલતના કોન્ફરન્સ હોલમાં તા. ૩ થી ૭ ઓક્ટોબરના રોજ પેનલ એડવોકેટ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પ્રિન્સીપાલ ડી. જજ દ્વારા પ્રારંભ થયો હતો. જિલ્લા કાનુની સેવા સત્તામંડળની ચેરમેન જજ વી.કે.ગઢવીએ જણાવેલ કે જિલ્લાના નવા નિમાયેલા વકીલોની પાંચ દિવસીય ટ્રેનીંગ યોજવામાં આવી છે. જેમાં વકીલોને લીગલ એડ આપવામાં આવશે. જેમાં કોર્ટના જજો અને નિષ્ણાંત વકીલો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.